RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 65* Date: 31.12.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### યુપી ચુંટણી માટે ચુંટણી પંચે રાજકીય પક્ષો સાથે બેઠક યોજી

## તમામ રાજકીય પક્ષોએ નિર્ધારિત સમયે ચૂંટણી કરાવવા પર ભાર મૂક્યો : મુખ્ય ચુંટણી કમિશ્નર

લખનૌ,૩૦

ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે થનારી વિધાનસભા ચૂંટણી અગાઉ મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાએ આજે લખનૌમાં યુપીના વિવિધ રાજકીય પક્ષો સાથે બેઠક યોજી અને તેમના સૂચનો લીધા. આ દરમિયાન તમામ રાજકીય પક્ષોએ નિર્ધારિત સમયે ચૂંટણી કરાવવા પર ભાર મૂક્યો. આ સાથે જ ચૂંટણી પંચે યુપીના તમામ ડીએમ અને એસપી સાથે પણ વાતચીત કરી. પંચે આવકવેરા વિભાગ, જીએસટી, ઈડી અને બેંકો સાથે પણ વાત કરી.

રાજકીય પક્ષો સાથે બેઠક બાદ મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાએ લખનૌમાં પ્રેસ કોન્ફરન્સ કરી જેમાં જણાવ્યું કે અમે રાજકીય પક્ષો સાથે બેઠક કરી. આ બેઠક દરમિયાન ટીએમસી, બીએસપી, કોંગ્રેસ, ભાજપ, સમાજવાદી પાર્ટી અને આરએલડીએ ચૂંટણી પંચ સાથે મુલાકાત કરી. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે ઉત્તર પ્રદેશમાં વિધાનસભાનો કાર્યકાળ ૧૪મી મે ૨૦૨૨ ના રોજ ખતમ થઈ રહ્યો છે અને કુલ ૪૦૩ બેઠકો માટે ચૂંટણી થવાની છે. ભારત ચૂંટણી પંચ નિષ્પક્ષ ચૂંટણી કરાવવા માટે પ્રતિબદ્ધ છે.

મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું કે યુપી ચૂંટણી પ્રલોભન મુક્ત થાય એ અમારી કોશિશ છે. બેઠક દરમિયાન કેટલાક રાજકીય પક્ષોએ પ્રશાસનના પક્ષપાતપૂર્ણ વ્યવહારની ફરિયાદ કરી, હેટ સ્પીચ અને પેઈડ ન્યૂઝ પર ચિંતા વ્યક્ત કરી. અમારો પ્રયત્ન સ્વતંત્ર, નિષ્પક્ષ અને કોવિડ સેફ ચૂંટણી કરાવવાનો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે રાજ્યમાં લગભગ ૧૫ કરોડથી વધુ મતદારો છે અને કુલ મતદારોની સંખ્યા વધી પણ શકે છે. અત્યાર સુધીમાં ૫૨.૮ લાખ નવા મતદારોને સામેલ કરાયા છે. જેમાંથી ૧૯.૮૯ લાખ મતદારો ૧૮-૧૯ વર્ષની આયુના છે. તેમણે કહ્યું કે ચૂંટણી પંચ તરફથી ૫ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ મતદાર સૂચિની છેલ્લી યાદી બહાર પડશે. મતદાર સૂચિ બહાર પડ્યા બાદ પણ કોઈનું નામ છૂટી ગયું હોય તો તેઓ પોતાનો ક્લેમ ફાઈલ કરીને પોતાનું નામ જોડાવી શકે છે. સુશીલ ચંદ્રાએ કહ્યું કે પહેલા ૧૫૦૦ લોકો પર એક બૂથ રહેતું હતું. હવે એક બૂથ પર ૧૨૫૦ વોટર કરવામાં આવ્યા છે અને પોલિંગ બૂથની સંખ્યા વધારીને ૧૧ હજાર કરાઈ છે. આ વખતે યુપીમાં એક લાખ ૭૪ હજાર ૩૫૨ મતદાન સ્થળ છે. તમામ જિલ્લા ચૂંટણી અધિકારીને નિર્દેશ અપાયા છે કે પોલિંગ બૂથ પર પોતે જાય અને વ્યવસ્થા જુએ. યુપીમાં ૮૦૦ પોલિંગ બૂથ એવા હશે, જેમાં તમામ કર્મચારીઓ અને સુરક્ષા અધિકારીઓ મહિલાઓ હશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે જો કોઈ મતદાર પાસે ઓળખ પત્ર નહીં હોય તો ૧૧ અન્ય ઓળખ પત્ર દ્વારા પણ મત આપી શકો છો. મતદાન માટે આધાર કાર્ડ, મનરેગા કાર્ડ અને પાન કાર્ડ જેવા ડોક્યુમેન્ટનો ઉપયોગ થઈ શકે છે. કોવિડ પ્રોટોકોલ વિશે મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાએ કહ્યું કે અમે હેલ્થ સેક્રેટરી અને મુખ્ય સચિવ સાથે વાત કરી. અમને જે જણાવવામાં આવ્યું છે કે ૪૯ ટકા લોકોને રસીનો બીજો ડોઝ મળી ચૂકયો છ. અમે નિર્દેશ આપ્યા છે કે રસીકરણને વધારવામાં આવે જેથી કરીને જેમ બને તેમ જલદી પહેલો ડોઝ ૧૦૦



ટકા થઈ જાય. સમગ્ર યુપીમાં ઓમિક્રોનના ફક્ત ૪ કેસ આવ્યા છે. જેમાંથી ૩ સાજા થઈ ચૂક્યા છે. કોવિડને જોતા યુપી આવતા પહેલા મે કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ સાથે ચર્ચા કરી હતી. મે કહ્યું હતું કે રસીકરણ વધારવું પડશે. ચૂંટણી ડ્યૂટીમાં એ જ લોકોને લગાવવામાં આવશે, જેમને રસીના બંને ડોઝ મળ્યા હશે. ચૂંટણી ડ્યૂટીમાં લાગનારા કર્મચારીઓ ફ્રન્ટલાઈન વર્કર હશે.

## વડાપ્રધાન મોદી અને અમરિંદર સિંહ પંજાબમાં પાંચ જાન્યુઆરીએ એક મંચ પર જોવા મળે તેવી સંભાવના

ચંડીગઢ,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચ જાન્યુઆરીએ પંજાબમાં ભાજપના ચુંટણી પ્રચારનો પ્રારંભ કરશે આ દરમિયાન મંચ પર પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહ પણ હાજર રહી શકે છે.વડાપ્રધાનના પંજાબના ચંડીગઢ ખાતે સ્નાતકોત્તર ચિકિત્સા શિક્ષા અને અનુસંધાન સંસ્થાન (પીજીઆઈએમઆર)ના સેટેલાઇટ કેન્દ્રનું ફિરોજપુરમાં ઉદ્‌ઘાટન કરશે અને ત્યારબાગ એક રેલીને સંબોધિત કરી શકે છે.ભાજપ સુત્રોએ આ માહિતી આપી છે.



કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાનુનોને રદ કર્યા બાદ વડાપ્રધાન મોદીની પંજાબમાં આ પહેલી રેલી હશે.આ કૃષિ કાનુનોની વિરૂધ્ધ મોટી સંખ્યામાં પંજાબના કિસાનોએ દિલ્હીની વિવિધ સીમાઓ પર તંબુ તાણ્યા હતાં અને તે કેન્દ્ર સરકારને તેને રદ કરવાની સતત માંગણી કરી રહ્યાં છે. આખરે સરકારે ૧૯ નવેમ્બરે કૃષિ કાનુનો પર પોતાના પગલા પાછા લીધા અને વડાપ્રધાન મોદીએ એમએસપી પર એક સમિતિની રચના કરવાની જાહેરાત કરતા કિસાનોથી પોતાનું આંદોલન પાછું લેવાની વિનંતી કરી હતી.ત્યારબાદ સંસદના શિયાળુ સત્રના પહેલા જ દિવસે એક વિધેયક લાવી આ કાનુનોને રદ કરી દેવામાં આવ્યા હતાં આ વિધેયક પસાર થયા બાદ કિસાનોએ સશર્ત પોતાનું આંદોલન પાછુ ખેંચ્યું હતું.

ભાજપ સુત્રોનું કહેવુ છે કે મોદીની આ રેલીથી ભાજપ અને તેના સાથીના ચુંટણી અભિયાનની શરૂઆત થઇ જશે.અમરિંદર સિંહની પંજાબ લોક કોંગ્રેસનું ભાજપની સાથે ગઠબંધન થયું છે.ભાજપ સુત્રોનું કહેવુ છે કે અમરિંદર સિંહ પણ આ રેલીમાં સામેલ થઇ શકે છે.

મોદી અને અમરિંદર સિંહ ઉપરાંત પંજાબના ચુંટણી પ્રભારી અને કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને કેન્દ્રીય મંત્રીમંડળમાં તેમના સાથે હરદીપ સિંહ પુરી અને મીનાક્ષી લેખી પણ આ રેલીમાં સામેલ થાય તેવી સંભાવના છે.

અમરિંદર સિંહે સોમવારે દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ અધ્યક્ષ જે પી નડ્ડાની મુલાકાત કરી હતી આ દરમિયાન બેઠકોની ફાળવણી પર ચર્ચા થઇ હતી.સુત્રોના જણાવ્યા અનુસાર ભાજપ પંજાબમાં ગઠબંધનના વરિષ્ઠ ભાગીદારીની ભૂમિકા નિભાવશે અને ૧૧૭માં અડધાથી વધુ બેઠકો પર ચુંટણી લડી શકે છે.એ યાદ રહે કે અમરિંદરસિંહે કોંગ્રેસમાંથી તાજેતરમાં રાજીનામુ આપી દીધુ હતું અને પોતાની નવી પાર્ટી બનાવી હતી અને ભાજપ સાથે ગઠબંધન કરી રાજય વિધાનસભા ચુંટણી લડવાની જાહેરાત કરી હતી.

## ઉત્તરાખંડમાં ૨૩ પ્રોજેક્ટનો વડાપ્રધાન મોદીના હસ્તે શિલાન્યાસ

મુંબઈ,તા.૩૦

દેશના દૂર-દૂરના સ્થળોએ કનેક્ટિવિટી સુધારવાના વડા પ્રધાનના વિઝનને અનુરૂપ લગભગ રૂ. ૮૭૦૦ કરોડના મૂલ્યના બહુવિધ રોડ સેક્ટર પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવશે. એસએસપી નૈનીતાલે અગાઉ ઉચ્ચ અધિકારીઓને પત્ર લખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યોજાનારી રેલી માટે પોલીસ દળ આપવા વિનંતી કરી હતી. ડીઆઈજી કુમાઉ ઓફિસથી મળેલી માહિતી અનુસાર, ગુરુવારે પીએમ મોદીની રેલી દરમિયાન ૧૦સીઓ, ૨૫ ઈન્સ્પેક્ટર, ૧૫૦ એસઆઈ, ૨૫ મહિલા એસઆઈ, ૩૫ હેડ કોન્સ્ટેબલ, ૪૦૦ કોન્સ્ટેબલ, ૩૦ મહિલા કોન્સ્ટેબલ, ૭૫ ટ્રાફિક પોલીસ એસઆઈ અને કોન્સ્ટેબલ તૈનાત રહેશે. આ સાથે ૧૩ વરિષ્ઠ પોલીસ અધિક્ષક, ૧૦ અધિક પોલીસ અધિક્ષક, ૩૦ નાયબ પોલીસ અધિક્ષક અને પીએસીની ૬ કંપનીઓ અને ૨ પ્લાટુન તેમની સુરક્ષામાં તૈનાત રહેશે. બીજી તરફ પીએમ મોદીની આજની રેલીને લઈને ડીઆઈજી કુમાઉ ડૉ. નિલેશ આનંદ ભરણેએ કહ્યું કે, સાદા કપડામાં પોલીસકર્મીઓ પણ રેલીના સ્થળે તૈનાત રહેશે. આ માટે તેમણે એસએસપીને સૂચના આપી છે. VVIP પ્રવાસ દરમિયાન, નૈનીતાલ જિલ્લામાંથી જ ગાર્ડમાં તૈનાત કરવા માટે સશસ્ત્ર પોલીસ દળોની નિમણૂક કરવા સૂચના આપવામાં આવી છે.ઉત્તરાખંડ વિધાનસભા ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી હલ્દવાનીમાં એક મોટી રેલી છે. પીએમ મોદી બપોરે ૧ વાગ્યે એમબી ઈન્ટર કોલેજ ગ્રાઉન્ડ હલ્દવાનીમાં ભાજપની ચૂંટણી સભાને સંબોધશે. માહિતી અનુસાર, આ દરમિયાન તેઓ કુમાઉ માટે ૧૭,૫૦૦ કરોડથી વધુની કિંમતની ૨૩ વિકાસ યોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન કરશે. હાલમાં પીએમ મોદીની રેલી માટે પ્રશાસન અને પાર્ટી સ્તરે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ દરમિયાન તેઓ ઉત્તરાખંડને ૧૭૫૪૭ કરોડ રૂપિયાની ભેટ આપવાના છે. જેમાં પીએમ મોદી ૧૪૧૨૭ કરોડની યોજનાઓનો શિલાન્યાસ કરશે અને ૩૪૨૦ કરોડની યોજનાઓનું ઉદ્‌ઘાટન કરશે. તેઓ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) સેટેલાઈટ સેન્ટર, પિથોરાગઢ મેડિકલ કોલેજ અને ૩૦૦ MW UJVNLના લખવાર બહુહેતુક પ્રોજેક્ટ અને ઉધમ સિંહ નગર ખાતે ખોલવામાં આવનાર અન્ય વિકાસ યોજનાઓનો શિલાન્યાસ પણ કરશે. આ સાથેં ત્નફદ્ઘ પાંચ મેગાવોટ સુરીંગડ પ્રોજેક્ટ, અલવેદર રોડ, નગીનાથી કાશીપુર સુધીનો તૈયાર રોડ જેવા મોટા પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરશે. વડાપ્રધાન લગભગ રૂ. ૫,૭૫૦ કરોડના ખર્ચે બાંધવામાં આવનાર લખવાર બહુહેતુક પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટની કલ્પના સૌપ્રથમ ૧૯૭૬માં કરવામાં આવી હતી અને ઘણા વર્ષોથી પેન્ડિંગ પડી હતી. લાંબા સમયથી પડતર પ્રોજેક્ટ્સને પ્રાધાન્ય આપવાનું વડાપ્રધાનનું વિઝન પ્રોજેક્ટના શિલાન્યાસ પાછળનું બળ છે. રાષ્ટ્રીય મહત્વનો આ પ્રોજેક્ટ આશરે ૩૪,૦૦૦ હેક્ટર વધારાની જમીનની સિંચાઈને સક્ષમ બનાવશે, ૩૦૦ મેગાવોટ હાઈડ્રો પાવરનું ઉત્પાદન કરશે અને ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનના છ રાજ્યોને પીવાનું પાણી પૂરું પાડશે.

## સરકાર માટે અર્થતંત્ર અને ફુગાવાનું નિયંત્રણ હોવું ખુબ જ જરૂરી :આરબીઆઇ

નવીદિલ્હી,તા.૩૦

હાલ કોરોના અને ફુગાવો તે અર્થતંત્ર ના બન્ને પાટા હોય તે રીતે જોવા મળી રહ્યું છે ત્યારે સરકાર માટે એ ખૂબ મહત્વનું છે કે અર્થતંત્ર રૂપ ગાડી પાટા ઉપરથી ઉતરી ન જાય. આ તકે આરબીઆઈના ગવર્નર એ આશંકા વ્યક્ત કરી છે કે હાલ જે રીતે કોરોના વકરી રહ્યો છે તેનાથી ભારતની આર્થિક સ્થિતિ માં ઘણો બદલાવ આવશે.

સરકાર માટે સૌથી મહત્વપૂર્ણ એ છે કે ફુગાવા અને કોરોના ને બંનેને નિયંત્રણમાં રાખવું પડે. એ વાત સ્પષ્ટ છે કે જો દેશમાં કોરોના વખતે તો તેની સીધી અસર દેશના અર્થતંત્ર ઉપર પડશે તો સામે જો આવવાનું પ્રમાણ પણ વધશે તો તે પણ દેશની અર્થતંત્રને ઘણું નુકસાન પહોંચાડશે ત્યારે સરકાર માટે આ બંને વચ્ચે નિયંત્રણ રાખવું ખૂબ જ જરૂરી અને અનિવાર્ય બની ગયું છે.

સરકાર કોરોના માંથી જે રિકવરી થાય છે તેને જોરે આગળ વધી રહ્યું છે પરંતુ સામે કેસ જે રીતે વધુ આવી રહ્યા છે તે પણ સરકાર માટે ચિંતાનો વિષય બન્યો છે. આ તકે મહત્વનું એ છે કે સરકાર દેશની અર્થવ્યવસ્થા અને દેશના અર્થતંત્રને કઈ રીતે નિયંત્રણમાં રાખી શકે છે જેનાથી કોઈ પણ વિપરીત અસર દેશ ઉપર ન પડે અને દેશની અર્થવ્યવસ્થા સુચારુ રૂપથી જળવાઈ રહે.

## મોદી મહેનતુ છે, ખૂબ મહેનત કરે છે અને કામ પૂર્ણ કરવા માટે પૂરતો સમય ફાળવે છે : પવાર

મુંબઇ,તા.૩૦

યુપીએ સરકારમાં કેન્દ્રીય કૃષિ પ્રધાન ટેરીકે રહી ચૂકેલા અને મહારાષ્ટ્રના રાજકારણના મજબૂત નેતા એનસીપીના વડા શરદ પવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉગ્રતાથી પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદીની વહીવટીતંત્ર પર સારી પકડ છે અને આ તેમની મજબૂત બાજુ છે. જે તેમને બીજા બધા કરતા અલગ બનાવે છે.

હકીકતમાં મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવારે પીએમ મોદીના વખાણ કર્યા હતા. જ્યારે તેમને ભારતીય જનતા પાર્ટીના કટ્ટર વિરોધી માનવામાં આવે છે. પરંતુ આ પછી પણ તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કાર્યશૈલીના વખાણ કરતા જોવા મળ્યા હતા.

શરદ પવારને પૂછવામાં આવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, એક નેતા તરીકે, એક વ્યક્તિ તરીકે, તમે ૨૦૨૨ સુધીમાં તેમનામાં શું બદલાવ જોશો? આ સવાલના જવાબમાં શરદ પવારે કહ્યું કે મને નથી લાગતું કે મોદીમાં કોઈ ફેરફાર થયો છે. મોદી મહેનતુ છે, ખૂબ મહેનત કરે છે અને કામ પૂર્ણ કરવા માટે પૂરતો સમય ફાળવે છે. એકવાર તેઓ કોઈપણ કાર્ય હાથમાં લે તે પછી, તેઓ ખાતરી કરશે કે જ્યાં સુધી તે (કાર્ય) તેના નિષ્કર્ષ પર ન પહોંચે ત્યાં સુધી તેઓ અટકશે નહીં. તેમના વ્યક્તિત્વનું શ્રેષ્ઠ પાસું વહીવટ પરની તેમની પકડ છે. પરંતુ વહીવટ ચલાવતી વખતે સામાન્ય માણસની શું અપેક્ષાઓ હોય છે, તે પૂરી થતી નથી, પછી તમે મહેનતુ હોવ તો પણ સમય આપો છો, તેનો કોઈ ફાયદો નથી.

શરદ પવારે વધુમાં કહ્યું હતું કે, મોદી પાસે પોતાના સાથી પક્ષોને સાથે લેવાની અલગ રીત છે અને તેઓ શૈલી મનમોહન સિંહ જેવા પૂર્વ વડાપ્રધાનોમાં નહોતી. તેમણે કહ્યું કે મારા સિવાય યુપીએ સરકારમાં અન્ય કોઈ મંત્રી નથી જે મોદી સાથે વાત કરી શકે કારણ કે તેઓ મનમોહન સિંહ સરકાર પર સતત પ્રહારો કરતા હતા. પવારે કહ્યું કે હું અને તત્કાલિન વડાપ્રધાન મનમોહન સિંહનો મત હતો કે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે બદલાની રાજનીતિ ન રમવી જોઈએ.

શરદ પવારે એમ પણ કહ્યું છે કે તેમણે મહાત્મા ગાંધી અને પંડિત જવાહરલાલ નેહરુની વિચારધારા નહીં પણ કોંગ્રેસ છોડી છે. પવારે કહ્યું કે તેમણે કોંગ્રેસ છોડી દીધી છે પરંતુ મહાત્મા ગાંધી અને જવાહરલાલ નેહરુની વિચારધારા ક્યારેય છોડી નથી. પોતાની સાથે જોડાયેલી એક ઘટનાને સંભળાવતા તેમણે કહ્યું કે તેઓ ૧૯૯૧માં ક્યારેય મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી તરીકે આવવા માંગતા ન હતા પરંતુ તેમણે પડકાર સ્વીકાર્યો અને મહારાષ્ટ્ર પરત ફર્યા.



## તંત્રી સ્થાનેથી...

# ૨૦૨૧ તુને જિંદા રહેના, જીના સીખા દિયા




માણસ તરીકે આપણો સૌથી અગત્યનો ગુણ અનુકૂલનનો છે. ભૌગોલિક હોય, સામાજિક હોય, માનસિક હોય કે શારીરિક હોય, આપણે કોઈપણ વિષમ પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધી લઇએ છીએ. એક શક્તિશાળી પ્રજાતિ તરીકે આપણે આ પૃથ્વી પર બીજી તમામ પ્રજાતિઓ પર રાજ કરીએ છીએ અને લાખો-કરોડો વર્ષોથી મજબૂત બનીને ટકી રહ્યા છીએ તેનું કારણ જ એ છે કે આપણે દરેક મુસીબતોને જીતવામાં અને જીતી ન શકાય તો તેની સાથે સુખેથી પનારો પાડતાં આવડે છે. ૨૦૨૦માં જયારે કોરોનાની મહામારી શરૂ થઇ, ત્યારે આપણે બહુ ડરેલા હતા, પરંતુ આપણને એક જ વર્ષમાં સમજાઈ ગયું કે આ લડાઈ લાંબી ચાલવાની છે અને કદાચ આ વાઇરસ સાથે આપણે કાયમ માટે જીવવું પડશે.

૨૦૨૦માં ઊંધુંચત્તું થઇ ગયેલું આપણું જીવન ૨૦૨૧માં નોર્મલ થવા લાગ્યું અને વર્ષના અંત સુધીમાં તો આપણી ગાડી લગભગ પાટે ચઢી ગઈ. એવું નથી કે મહામારીનો ડર ઓછો થઇ ગયો છે કે આપણી મુસીબતોનો અંત આવી ગયો છે, પણ આપણે આપણી તકલીફો અને મુશ્કેલીઓ સાથે અનુકૂલન સાધી લીધું છે. આ આપણું ન્યૂ નોર્મલ છે. તેના માટે ૨૦૨૧માં આપણને ઘણું શીખવા મળ્યું હતું. કોરોનાની બીજી લહેર માટે ભયાનક, ગંભીર, તીવ્ર, હ્રદયદ્રાવક જેવા બધા જ વિશેષણ ભેગા કરીને એક શબ્દ તૈયાર કરીએ તેવી હતી. જે પ્રાણવાયુ માનવજાતિના જન્મ સાથે સાવ હાથવગો અને સાહજિક લાગતો હતો તે ખૂટી પડે અને ઓક્સિજન માટે કાળા બજાર, લૂંટફાટ અને ગંદુ રાજકારણ રમાય તે કદાચ પાંચ વર્ષ પહેલાં પણ અકલ્પનીય હતું. પરંતુ એ સમય પણ પસાર થયો, આપણે સૌ ગોઠવાઈ ગયા અને એવા ગોઠવાયા કે આજે ઓમીક્રોન ની વાત કરતી વખતે વાઇરસના કાંટા કે મ્યુટેશન નથી દેખાતું. વેલ, અનુકૂલનના મૂળભૂત સ્વભાવ સાથે આ ૨૦૨૧ પાસેથી શીખવા જેવું ઘણું છે.

**જીવનમાં પ્રાથમિકતા સ્પષ્ટ થઇ**

આધુનિક જીવનમાં આપણી પાસે દરેક બાબત માટે અનેક વિકલ્પ છે. ભૂખ લાગી હોય તો બાજરાના રોટલા અને ડુંગળી બટાકાનું શાક બનતા જેટલો સમય લાગે એથી પણ વધુ ઝડપથી આપણે બહારથી મેંદાના રોટલાની ઉપર ડુંગળી-ટામેટા (હાહા..આઈ મીન પીઝા) ઓર્ડર કરીને મંગાવી શકીએ છીએ. રિમોટ કંટ્રોલથી માત્ર ઘરના ટીવી કે એસી જ નહિ પરંતુ પંખાથી માંડીને બારીઓ બંધ કરી શકીએ છીએ. મનોરંજન માટે તો થાકી જવાય એટલા બધા વિકલ્પ છે. તો મૂંઝવણ વધવાની જ. પરંતુ પેંન્ડેમિકના આ વર્ષમાં દરેક વ્યક્તિની મૂંઝવણ ઘટી અને એક સ્પષ્ટ વિચાર પ્રભાવી બન્યો. સ્વાસ્થ્ય અને આરોગ્ય. સબસે ઉપર તંદુરસ્તી મુકવાની માનસિકતાને કારણે જીવનનું પ્રથમ અને અનિવાર્ય સત્ય સૌને સુપેરે સમજાઈ ગયું .

**પ્રાકૃતિક સંપત્તિનું જ્ઞાન વધ્યું**

હોસ્પિટલ જવું ના પડે એ માટે ખેતર, શુદ્ધ હવા, કેમિકલ વગરના શાકભાજી અને અનાજ અને ખાસ કરીને ઔષધિના ઉપયોગમાં લેવાતી વિવિધ વનસ્પતિ વિશે ની માહિતીનો પ્રસાર વધ્યો. આપણે થાકી જઈએ એ હદે સોશિયલ મીડિયા પર રોગ પ્રતિકારક શક્તિ વધારવાના દેશી નુસખા આવતા હતા. શોપિંગ મોલની ભીડથી ભાગવા ખેતરમાં ઉભા લહેરાતા મોલ વધુ સલામત લાગતા હતા . જેટલી સરળતાથી તાવ શરદી સળેખમ માટે દેશી ઉપચાર અને દવાઓના નામ આપણને મોઢે હતા. એ જ સાહજિકતા સાથે પ્રકૃતિના વિવિધ તત્વો આપણા રોજિંદા જીવનનો ભાગ બન્યા.

**જરૂરિયાત અને લક્ઝરી વચ્ચે ભેદ સમજાયો**

લોકડાઉન તો એક એવી પાબંદી હતી જેમાં ભલભલા શહેનશાહ પણ ઘરમાં પુરાઈ રહે,પરંતુ ૨૦૨૧માં આર્થિક ઉથલપાથલને કારણે ધનિક વર્ગ સિવાયની દરેક વ્યક્તિને આર્થિક અસલામતીના અનુભવો થયા. અમને તો પેરિસ કે વેનિસ સિવાય વેકેશન ના ગમે કે અમારો બબલુ ચીઝ વગર જમવા ના બેસે જેવા વિધાનો થોડા નબળા પડયા. થોડામાં થોડામાં ચલાવી લેવાનું સાહજિક બની ગયું અને ભૌતિક વાદ પાછળની દોટ ઘટાડવાની આપણે શીખ્યા.

**જીવનની ક્ષણભંગુરતા સમજાઈ**

એકસાથે પ્રમાણમાં મોટી સંખ્યામાં લોકોની દેહ વિદાય આપણે જોઈ નહોતી . લગભગ દરેક પરિવાર રોગ, એકલતા અને કોઈ સ્વજનના મૃત્યથી અસરગ્રસ્ત થયા. જેના પરિણામે જન્મ અને મૃત્યુની વાસ્તવિકતા અનુભવી. સાવ ક્ષુલ્લ્ક બાબતને મોટું સ્વરૂપ આપીને સંબંધો તેમજ અન્ય સામાજિક વ્યહવારમાં ગૂંચવાડા ઉભા કરીએ છીએ. પરંતુ જીવનમાં એથી વિશેષ ઘણું છે એ સમજણ કૈક અંશે બહુમતીમાં વિસ્તરી. વર્તમાન સમયમાં જીવવું એટલે શું? ઈચ્છા અને ફરજનો હિસાબ મેળવવા વૃદ્ધ અવસ્થાની રાહ જોયા વગર રોજ રાત્રે પણ થઇ શકે, એવી એક સમજ વધી.

**ફરીથી જીવનની કક્કો-બારાખડી શીખ્યા**

ફિનિક્સ પંખીની જેમ આ વર્ષમાં રાખમાંથી બેઠા થતા લોકો આપણે જોયા. ૨૦૨૦માં ઘરની ચાર દીવાલો, આમદની કે સ્વજન ખોઈ બેઠેલા હજારો લોકોએ જીવનની કોરી સ્લેટ પર ૨૦૨૧માં ફરી કક્કો લખવો શરૂ કર્યો.રાબેતા મુજબનું,ઘરેડવાળું જીવન આમ સહેલી બાબત નહોતી પરંતુ ન્યુ નોર્મલ માંથી પહેલા જેવું નોર્મલ જીવવા માટે એકસાથે સૌ કોઈ સજ્જ થયા. અલબત્ત એમાં માસ્ક અને શારીરિક દુરી જેવી મૂળભૂત બાબતો ચુકી ગયા તે બરાબર નથી. આથી જ આજે આ લખાય છે ત્યારે દેશની પ્રત્યેક લેબોરેટરીમાં કોરોના વાઇરસ પોતાની હાજરી નોંધાવી રહ્યો છે.

### ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગ આયોગના ચેરમેન શ્રી હંસરાજ ગજેરાની પ્રેરક ઉપસ્થિતિ રહી

# સુષણ સપ્તાહ' અંતર્ગત ડાંગમા યોજાયો શ્રમ અને રોજગાર વિભાગનો કાર્યક્રમ

આહવા તાઃ ૩૦:

ભારતવાસીઓમા રહેલા પરિશ્રમ, પ્રામાણિક્તા, અને નિષ્ઠાના ગુણોને ઉજાગર કરીને, રોજગારવાંચ્છુ યુવક/યુવતિઓને સખત પરિશ્રમની હિમાયત કરતા, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગ આયોગના ચેરમેન શ્રી હંસરાજભાઈ ગજેરાએ, સુશાસન સપ્તાહ ઉજવણીની વિભાવના સ્પષ્ટ કરી હતી.

આહવાના ડાંગ દરબાર હોલ ખાતે 'સુશાસન સપ્તાહ'ના છઠ્ઠા દિવસે આયોજિત શ્રમ અને રોજગાર વિભાગના કાર્યક્રમ દરમિયાન રોજગારવાંચ્છુ ઉમેદવારોને, નિમણૂંકપત્રો એનાયત કરતા ચેરમેનશ્રીએ, આત્મનિર્ભર ભારતની વડાપ્રધાનશ્રીની પરિકલ્પનાને ચરિતાર્થ કરવા માટે, સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ કુટીર, અને ગૃહ ઉધોગો ઉપર લક્ષકેન્દ્રિત કરવાની અપીલ કરી હતી.

'સુશાસન' ને ચરિતાર્થ કરતા રાજ્ય સરકારના વિવિધ પ્રોજેક્ટ્સ, પ્રકલ્પો, અને કલ્યાણ યોજનાઓનો ખ્યાલ આપતા ચેરમેનશ્રીએ, કોરોના કાળમા દેશ સામે ઊભા થયેલા પડકારોને પહોંચી વળવા માટે રાજ્ય અને કેન્દ્ર સરકારે હાથ ધરેલા આયામોનો ખ્યાલ આપ્યો હતો

આહવાના કાર્યક્રમમા પ્રાસંગિક ઉદ્દબોધન કરતા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે ડાંગના યુવક/યુવતીઓ સામે જિલ્લામા ઉપલબ્ધ રોજગારીની વિવિધ તકોનો લાભ લઈને કારકિર્દી ક્ષેત્રે પ્રવૃત થવાની અપીલ કરી હતી.

ડાંગ જિલ્લામા જયારે કોઈ મોટા ઉદ્યોગો નથી, ત્યારે પાડોશી જિલ્લાઓના ઔદ્યોગિક વિસ્તારોમા ઉપલબ્ધ રોજગારીની તકોને ઝડપી, રોજગારી મેળવવાની માનસિકતા કેળવવાની અપીલ કરતા પ્રમુખશ્રીએ, ડાંગ જિલ્લાના ઘણા યુવક/યુવતિઓ રોજગાર ભરતી મેળા, વિવિધ તાલીમ, અને સ્પર્ધાત્મક પરીક્ષાઓએ સફળતા મેળવી છે. જેમાંથી સૌને પ્રેરણા લેવાનો અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમા આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી કમળાબેન રાઉત, સામાજિક કાર્યકર શ્રી હીરાભાઈ રાઉત, કલેક્ટરશ્રી ભાવિન પંડ્યા, અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વિપિન ગર્ગ વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનિય છે કે, "સુશાસન અઠવાડિયું"ના ઉજવણીના ભાગ રૂપે તા.૩૦/૧૨/૨૧ ના રોજ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની ખાતાની કચેરીઓની વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરી રાજ્યના ૩૩ સ્થળોએ ઉજવણી હાથ ધરવામા આવી હતી.

આ અવસરે જિલ્લા કક્ષાના કાર્યક્રમમા રોજગારી માટે પસંદગી પામેલા ઉમેદવારોને રોજગાર એનાયતપત્ર વિતરણ તથા એપ્રેન્ટીસ કરાર માટે પસંદગી પામેલા ઉમેદવારોને નિમણુક પત્રો તથા ઈ-શ્રમ કાર્ડનુ વિતરણ કરાયુ હતુ.

રાજયનો કોઈપણ તાલુકો વ્યાવસાયિક તાલીમની સુવિધાઓથી વંચિત રહી ન જાય, તેવા રાજય સરકારના અભિગમને ધ્યાને લઈ રાજયના દરેક તાલુકામા સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે. શ્રમ અને રોજગાર વિભાગ હેઠળની રોજગાર કચેરીઓ કૌશલ્યસજ્જ યુવાનોને થાળે પાડવાની મહત્વની કામગીરી કરે છે. જેના પરિણામે સમગ્ર દેશમા રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામા પણ ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે, તથા ગુજરાત રાજ્યનો બેરોજગારી દર સૌથી નીચો રહેવા પામ્યો છે.

સમગ્ર દેશમા રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામા પણ ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે રહેલ છે. 'એમ્પ્લોયમેન્ટ એક્ષ્ચેન્જીસ સ્ટેટીસ્ટીકસ-૨૦૧૯' મુજબ વર્ષ ૨૦૧૮મા રોજગાર કચેરીઓ દ્વારા સમગ્ર દેશમા આપેલ ૪ લાખ અને ૪ હજાર યુવાનોને રોજગારીમાંથી ગુજરાત રાજ્યે, ૩ લાખ ૪૨ હજાર યુવાનોને રોજગારી આપી સમગ્ર દેશમા પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

આમ, તમામ વયમર્યાદામા થયેલ સર્વે અનુસાર કોરોના કાળ મા પણ દેશના તમામ રાજયો કરતા ગુજરાતનો બેરોજગારીનો દર સૌથી નીચો છે.

રાજયની રોજગાર કચેરીઓ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨મા કુલ ૧,૬૭,૩૫૬ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. જે પૈકી ૧,૩૬૧ ભરતીમેળાના આયોજન થકી ૮૦,૬૧૨ ઉમેદવારોની પસંદગી કરવામા આવી છે. જેમા છેલ્લા પાંચ વર્ષ (વર્ષ: ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧)મા ડાંગ જિલ્લા રોજગાર કચેરી દ્વારા કુલ-૧૬૫ ભરતીમેળાના માધ્યમ થી કુલ-૮૨૭૫ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામા આવી છે.

ગુજરાતના યુવાનો ભારતીય સેનામા જોડાય તે માટે સબંધિત ભરતી અધિકારીઓના સહયોગથી લશ્કરી ભરતીમેળાઓનુ આયોજન કરવામા આવે છે.

ભરતી મેળામા વધુ યુવાનો જોડાય તે માટે ભરતીમેળાની લાયકાત ધરાવતા ઉમેદવારોને જાણ કરવા હેતુસર બહોળી પ્રસિધ્ધિ કરવામા આવે છે, અને ભરતીમેળાના સ્થળે આનુસંગિક વ્યવસ્થા પૂરી પાડવા રોજગાર કચેરી તથા સ્થાનિક વહિવટી તંત્ર સંયુકત રીતે કામ કરે છે

લશ્કરી ભરતી મેળાના આયોજન અગાઉ રાજ્ય સરકાર દ્વારા શારીરિક અને લેખિત પરીક્ષા ની તૈયારી માટે ક્ષમતા વર્ધક તાલીમ પણ આપવામા આવે છે.

ડાંગ જિલ્લાના યુવાનો લશ્કરમા જોડાય તે હેતુથી જિલ્લામા છેલ્લા પાંચ વર્ષમા ૭ તાલીમ વર્ગના આયોજનથી ૨૧૦ ઉમેદવારોને શારીરિક તથા લેખિત કસોટી અંગેની સઘન તાલીમ આપવામા આવી છે.

જિલ્લામા છેલ્લા પાંચ વર્ષમા યોજાયેલા સંરક્ષણ ભરતી મેળામા જિલ્લા રોજગાર કચેરીના પ્રયત્નોને કારણે ૧૪ ઉમેદવારો ભારતીય લશ્કરમા પસંદગી પામ્યા છે.

કોરોના કાળ દરમ્યાન યુવાનોને રોજગારી આપવા તથા રોજગારી અંગેની અધ્યતન માહિતી ઉમેદવારો સુધી પહોચાડવા રોજગાર કચેરી દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરાઈ છે.



કોરોના વાયરસના સંક્રમણના કારણે રોજગાર કચેરીની પ્રવૃતિને અસર થવા પામેલ. આ પરિસ્થિતિમા રાજયના યુવાનોને કોલ સેન્ટરના માધ્યમથી કોઈપણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી, તથા સરકારી યોજનાની માહિતી ટેલિફોનીક માધ્યમથી મેળવી શકે તે માટે દેશમા સૌપ્રથમ વખત "રોજગાર સેતુ" પ્રોજેકટ જાન્યુઆરી-૨૧ મા અમલમા મુકેલ, જેની વિશેષતામા.....

દેશમા પ્રથમવાર કોલ સેન્ટરના માધ્યમથી ઉમેદવાર જીલ્લા રોજગાર કચેરી સાથે સીધો સંવાદ કરી શકશે

રાજ્ય/દેશનો કોઈપણ ઉમેદવાર માહિતી મેળવી શકે

ઉમેદવાર કોઈ પણ જિલ્લોની માહિતી મેળવી શકે

આ સુવિધા ફક્ત એક સિંગલ નંબર ૬૩-૫૭-૩૯૦-૩૯૦ ડાયલ કરીને મળે છે

શૈક્ષણિક સંસ્થાઓ, ખાનગી તથા જાહેર ક્ષેત્રની જાહેરાતો અંગે માહિતી મળે છે

વાત પૂર્ણ થયા બાદ જીસ્જી ના માધ્યમથી રોજગાર કચેરીની વિગત મળે છે રોજગાર સેતુ પ્રોજેકટ ને યુવાનો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ છે. જાન્યુઆરી-૨૧ થી ચાલુ માસ દરમ્યાન ૯૬,૧૩૮ યુવાનોએ આ સેવાનો લાભ લીધેલ છે.

રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા રોજગારવાંચ્છુ ઉમેદવારોને વિવિધ રોજગારીની તકો પુરી પાડવા માટે સમયાંતરે રોજગાર ભરતીમેળાઓનુ આયોજન કરવામા આવે છે. તાજેતરમા કોરોના વાયરસના સંક્રમણના કારણે રોજગારવાંચ્છુ યુવાનો માટે રોજગારી ક્યા માધ્યમથી મેળવવી તે વિકટ સમસ્યા બની હતી. કોરોના સંક્રમણની પરિસ્થિતિમા રોજગારી ગૂમાવી ચૂકેલ ઉમેદવારો ને રોજગારીની વિવિધ તકો પ્રાપ્ત કરાવવા માટે ડીજીટલ માધ્યમથી રોજગારી પૂરી પાડવાનો નવતર અભિગમ રાજ્ય સરકારે અમલમા મુક્યો છે. રોજગાર કચેરીઓ દ્વારા ઓનલાઈન માધ્યમ થકી નોકરીદાતા અને રોજગારવાંચ્છુઓને એકત્ર કરવામા નોંધપાત્ર સફળતા મળેલ છે, તેના થકી રોજગારવાંચ્છુ યુવાનોને પાત્રતા મુજબ રોજગારી તથા નોકરીદાતાઓને કુશળ માનવબળ પૂરું પાડવા માટેના પ્રયાસ કરવામા આવ્યા છે.

રોજગારવાંચ્છુ યુવાનો તથા નોકરીદાતા માટે આ પ્રકારના ઓનલાઈન ભરતીમેળા ઉપયોગી, અસરકારક થતા પરિણામલક્ષી નીવડ્યા છે.

રાજયની રોજગાર કચેરીઓ દ્વારા રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારલક્ષી વિવિધ સેવાઓ આપવામા આવે છે. આ અનેકવિધ રોજગારલક્ષી સેવાઓ પૈકી રોજગારવાંચ્છુ ઉમેદવારોને અભ્યાસલક્ષી તથા રોજગારલક્ષી દિશા ઘડતર માટે માર્ગદર્શન પણ આપવામા આવે છે.

કોરોના સંક્રમણની પરિસ્થિતિમા રાજયના રોજગારવાંચ્છુ યુવાનો વિવિધ અભ્યાસલક્ષી માહિતી તથા માર્ગદર્શન અને આ ઉપરાંત રોજગારલક્ષી વિવિધ અધ્યતન વિષયો અંગે માહિતીગાર થાય તે માટે રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા ડીજીટલ માધ્યમ દ્વારા વેબિનાર મારફત માર્ગદર્શન આપવાની પહેલ કરી છે.

જિલ્લા રોજગાર કચેરી ડાંગ દ્વારા વર્ષઃ૨૦૨૦-૨૧મા ૧૯ વેબિનાર દ્વારા કુલ ૬૮૧ ઉમેદવારોને તથા વર્ષઃ૨૦૨૧-૨૨મા ૨૫ વેબિનાર દ્વારા કુલ ૧૦૫૯ ઉમેદવારોને માર્ગદર્શન આપવામા આવ્યુ છે.

ડાંગ જિલ્લામા યોજાયેલા કાર્યક્રમ દરમિયાન મહાનુભાવો દ્વારા રોજગારવાંચ્છુ ઉમેદવારોને ઉપર મુજબની તલસ્પર્શી શૂક્ષ્મ વિગતો આપવા સાથે, દસ્તાવેજી ફિલ્મના માધ્યમથી પણ માહિતી પૂરી પાડવામા આવી હતી. ઉપસ્થિત મહાનુભાવો તથા યુવાનોએ રાજ્ય કક્ષાના કાર્યક્રમનુ જીવંત પ્રસારણ પણ નિહાળ્યુ હતુ.

દરમિયાન શાબ્દિક સ્વાગત કરતા સુબિર આઈ.ટી.આઈ.ના પ્રિન્સિપાલ શ્રી પરિમલ પટેલે કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. અંતે આભારવિધિ જિલ્લા રોજગાર અધિકારી શ્રી વિનોદ ભોયે એ આટોપી હતી. ઉદઘોષક તરીકે શ્રીમતી બિજુબાલા પટેલે સેવા આપી હતી.

નરેન્દ્ર પવાર

# કોરોનાના દર્દીઓને રાહત આપશે ભારતીય કંપનીની ટેબ્લેટ લોન્ચ થશે

નવીદિલ્હી,તા.૩૦

આ મંજૂરી સાથે દેશમાં ઈમરજન્સીમાં ઉપયોગમાં લેવાતી ર્ઝેફેંઢ-૧૯ રસીની સંખ્યા વધીને આઠ થઈ ગઈ છે. 'સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા'નું 'કોવિશિલ્ડ', ભારત બાયોટેકની 'કોવેક્સિન', ઝાયડસ કેડિલાની 'ઝાયકોવ-ડી', રશિયાની 'સ્પુતનિક વી' અને 'મોડેર્ના' અને અમેરિકાની 'જોન્સન એન્ડ જોન્સન' છે. જેને ભારતીય દવા નિયમનકારે કટોકટીની પરિસ્થિતિઓમાં ઉપયોગ માટે પહેલેથી જ મંજૂરી આપી દીધી છે. તે જ સમયે, મોટી દવા નિર્માતા કંપની સિપ્લાને દેશમાં કોવિડ -૧૯ ની સારવારમાં ઉપયોગી એન્ટિવાયરલ દવા, માલનુપીરાવીરના ઈમરજન્સી ઉપયોગ માટે DCGI તરફથી ઈમરજન્સી ઉપયોગની પરવાનગી મળી છે. તે આ દવાને Cipmoln બ્રાન્ડ નામ હેઠળ લોન્ચ કરવાની યોજના ધરાવે છે. સિપ્લાના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્લોબલ સીઈઓ ઉમંગ વોહરાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે કોવિડની સારવાર માટે જરૂરી સારવાર પૂરી પાડવાના ભાગરૂપે આ એક નવી ઓફર છે. ભારત સિવાય, ઓછી અને મધ્યમ આવક ધરાવતા ૧૦૦ થી વધુ દેશોમાં આ દવા આપવાની યોજના છે.ફાર્માસ્યુટિકલ કંપની મેનકાઈન્ડ ફાર્મા અને જેનરિક ઉત્પાદક BDR ફાર્માસ્યુટિકલ્સે બુધવારે દેશમાં મૌખિક રીતે COVID-19 એન્ટિ-વાયરલ ટેબ્લેટ મોલુલાઈફ લોન્ચ કરવાની જાહેરાત કરી હતી. મેનકાઈન્ડ ફાર્માએ બુધવારે જણાવ્યું હતું કે તેણે દેશમાં નવી કોરોનાવાયરસ દવા મોલુલાઈફ મોલનુપીરાવીર રજૂ કરવા મ્હ્રઇ ફાર્માસ્યુટિકલ્સ સાથે ભાગીદારી કરી છે. કંપનીએ એક નિવેદનમાં કહ્યું કે આ ભાગીદારી હેઠળ ઉત્પાદન BDR ફાર્મા દ્વારા કરવામાં આવશે. કંપનીના સિનિયર પ્રેસિડેન્ટ સંજય કૌલે જણાવ્યું હતું કે કંપની કોરોના સામેની લડાઈને મજબૂત કરવા માટે તમામ શક્ય પગલાં લેશે અને આ સાથે જ મોલુલાઈફને દરેક જગ્યાએ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભારતના ડ્રગ કંટ્રોલર જનરલ એ મંગળવારે કોવિડ -૧૯ ની સારવારમાં ઉપયોગી એન્ટિવાયરલ દવા મોલનુપીરાવીરના દેશમાં ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ મંગળવારે જણાવ્યું હતું કે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન એ 'સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા' ની કોરોના રસી 'કોવોવૈક્સ' અને 'બાયોલોજિકલ ઈ' કંપનીની 'કોર્બેવેક્સ' રસીને મંજૂરી આપી છે.

# કાશ્મીરમાં બે પાકિસ્તાની નાગરિક સહિત ૬ આતંકવાદી ઠાર

શ્રીનગર,તા.૩૦

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચેની બે અલગ-અલગ અથડામણમાં બે પાકિસ્તાની નાગરિકો સહિત જૈશ-એ-મોહમ્મદના છ આતંકવાદીઓ માર્યા ગયા હતા જ્યારે એક પોલીસકર્મી ઘાયલ થયા હતા,સેના, સીઆરપીએફ અને કાશ્મીર પોલીસે મળીને છેલ્લા ૧૨ કલાકમાં કાશ્મીરમાંથી ૬ ખતરનાક આતંકવાદીઓને ખતમ કર્યા છે. આ તમામ આતંકવાદીઓ અનંતનાગ અને કુલગામમાં બે અલગ-અલગ એન્કાઉન્ટરમાં માર્યા ગયા છે. જેમાંથી બે પાકિસ્તાની હોવાની પુષ્ટિ થઈ છે.

માહિતી આપતા એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આતંકવાદીઓની હાજરી અંગે મળેલી બાતમીના આધારે સુરક્ષાદળો દ્વારા કુલગામ જિલ્લાના મિરહામા વિસ્તારમાં ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને આ દરમિયાન આતંકવાદીઓ અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. સુરક્ષા દળો. અધિકારીએ જણાવ્યું કે સર્ચ ઓપરેશન દરમિયાન છુપાયેલા આતંકવાદીઓએ અચાનક સુરક્ષા દળો પર ગોળીબાર શરૂ કરી દીધો હતો.

તેમણે કહ્યું કે સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી, આ સાથે બંને એન્કાઉન્ટરમાં કુલ ૬ આતંકવાદીઓ અને બે પાકિસ્તાની નાગરિકોના મોતની પુષ્ટિ થઈ છે. અગાઉ માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી એક એમ-૪ અને બે એકે-૪૭ રાઈફલ પણ મળી આવી હતી. સુરક્ષા દળો માટે આ એક મોટી સફળતા છે.

બીજી એન્કાઉન્ટર અનંતનાગ જિલ્લાના દુરુના નૌગામ શાહબાદમાં સુરક્ષા દળો દ્વારા ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન દરમિયાન થઈ હતી. તેમણે કહ્યું કે ફાયરિંગ દરમિયાન એક પોલીસકર્મી ઘાયલ થયો હતો, જેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, બીજી એન્કાઉન્ટર અનંતનાગ જિલ્લાના દુરુના નૌગામ શાહબાદમાં સુરક્ષા દળો દ્વારા કોર્ડન અને સર્ચ ઓપરેશન દરમિયાન થઈ હતી.

# ૧૭૭ કરોડ રોકડ અને ૨૩ કિલો સોનું માગવા પિયૂષ જૈન કોર્ટ ગયો

,મુંબઇ,તા.૩૦

કરોડોની બ્લેક મનીના કેસમાં ધરપકડ થયેલ પિયુષ જૈને કોર્ટ પાસે માગણી કરી છે કે મારા ઉપર ટેક્સ ચોરી અને પેનલ્ટી સહિત ૫૨ કરોડ રૂપિયાનો ટેક્સ બને છે. ડિરેક્ટર જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજેન્સ (ડીજીજીઆઇ) ૫૨ કરોડ રૂપિયા કાપીને બાકી રકમ પાછી મને આપી દેવામાં આવે. આ સંબંધમાં પિયુષ જૈન તરફથી કોર્ટમાં અરજી કરવામાં આવી છે. હાલમાં પિયુષ જૈન ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં કાનપુર જેલમાં બંધ છે.

કાનપુરમાં ૧૭૭ કરોડ ૪૫ લાખ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે જેને બે વખત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં જમા કરાવવામાં આવ્યા છે.પહેલી વખત ૨૫ બોક્સમાં ૧૦૯ કરોડ ૩૪ લાખ ૭૪ હજાર ૨૪૦ રૂપિયા જ્યારે બીજી વખત ૧૭ બોક્સમાં ૬૮ કરો ૧૦ લાખ ૨૭ હજારની રકમ બેંકમાં મોકલવામાં આવી છે. અંબરીશ ટંડને જણાવ્યું કે બેંકમાં જમા રકમને ભારત સરકારના નામથી એફડીઆઇ કરવા માટે ડીજીજીઆઇ તરફથી લેટર કરી દેવામાં આવી છે. તેમને પૂછવામાં આવ્યું કે શું પિયુષ જૈનને ફાયદો પહોંચાડવા માટે ડીજીજીઆઇએ જપ્ત રકમને બિઝનેસ ટર્ન ઓવર માની છે? તેના જવાબમાં આપતા તેમણે કહ્યું કે એમ નથી. કહેવામાં આવ્યું છે કે પિયુષ જૈને કાનપુરમાં ૩ કંપનીઓ બનાવી હતી.

તેણે પોતાના નિવેદનમાં સ્વીકાર કર્યું છે કે મેં આ કંપની દ્વારા ૪ વર્ષમાં ગુપ્ત રૂપે પાન મસાલા કમ્પાઉન્ડ વેચ્યા હતા. તેણે માલ કોની પાસે ખરીદ્યો, કોને વેચ્યો, તેનો ખોલસો કર્યો નથી જેથી સાબિત થાય કે તેણે ટેક્સ ચોરી દ્વારા રકમ જમા કરી છે. અમે ૩૨ કરોડ રૂપિયાનો ટેક્સ બનાવ્યો છે, પેનલ્ટી મળીને ૫૨ કરોડ આપવાની બને છે. અત્યારે તપાસ ચાલી રહી છે. કનોજમાં કેટલું સોનું અને પૈસા મળ્યા છે તેની અત્યારે ડિટેલ આવી નથી. અત્યાર સુધી પિયુષ જૈનની ૭ જગ્યાઓ પર છાપેમારી કરવામાં આવી છે જ્યાં ટેક્સ ચોરી જોવા મળી છે. બીજી તરફ પિયુષ જૈન પર હ્યૈં, ઇનકમ ટેક્સ બાદ હવે હ્રૈં એટલે કે કરવેરા ગુપ્ત નિર્દેશાંલયે પણ કાર્યવાહીની શરૂઆત કરી દીધી છે.

ડિરેક્ટર ઓફ રેવન્યુ ઈન્ટેલિજેન્સે પિયુષ જૈનના ઘરથી ૨૩ કિલો સોનાની જપ્તી કરીને કસ્ટમ એક્ટમાં ગુનો દાખલ કરી લીધો છે. હ્રૈંની પ્રાથમિક તપાસમાં જપ્ત થયેલા સોનાનું સ્વિત્ઝરલેન્ટ કનેક્શન નીકળી રહ્યું છે. આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે સોનું ગેરકાયદેસર તસ્કરી કરીને મંગાવવામાં આવ્યું હતું. પિયુષ જૈનના કાનપુર અને કનોજના સ્થળો પર કરવામાં આવેલી છાપેમારી ૧૭૭ કરોડની રોકડ રકમ જપ્ત કરવા સાથે સાથે ૨૩ કિલો સોનું મળ્યું છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NoG SS No:004

વિષયઃ"યાદો ૨૦૨૧" વિતેલા વર્ષની ખટ્ટી મિઠ્ઠી યાદો.

વિભાગઃગદ્ય લેખ

શબ્દ૩૫૦

શીર્ષકઃનવા વર્ષની આશ

વિતેલું વર્ષ યાદ કરવું જરૂરી છે? હું તો નથી માનતી, હા, જરૂર કરેલા કાર્યોનું સરવૈયું જરૂર કરીએ મિત્રો. બધાં જ કાર્યો , તમને થશે એટલે તો જાણો- સારા ખરાબ , સાચા ખોટા, અસત્ય સત્ય ને કોઈના માટે કટુતા રાખવી કે અતિઉત્તમ કાર્ય કરવું.

મનોમન વિચારેલું અનિતીનું કાર્ય કે તમારા મનમાં કોઈનાં માટે આવેલી ખોટ, કોઈનાં નામનો ઉપયોગ કરી કાર્ય કરાવીને જૂઠું બોલવું.. આ વિતેલી ક્ષણો શું યાદ રાખવા જેવું ખરું! મિત્રો એવી ક્ષણો તો વિસરવા માટે જ હોય છે !

યાદ રાખો એવી પળોને જે કોઈનાં માટે વ્યતિત કરી, તેને હસાવ્યાં હોય,તેના દુઃખમાં ભાગીદાર બન્યા હોય.અરે તેને પહેરેલ આપણું અંગરખું પણ અર્પી દીધું હોય.તો એ પળો શોધવી પડશે! કદાચ મળશે પણ નહિ! માટે તે પળોની મીઠાશ કેવી હોય તે પણ જિંદગીમાં ખબર જ નહિ પડે.. તેની કડવાશ પણ જીવનમાં છવાય જશે.

ચાલો મિત્ર અંતિમ તારીખોમાં ઘણીવાર કેટલાય ઘરોમાં ચૂલા પણ નથી પ્રગટતા તો તે કંઈ યાદોને યાદગાર રૂપે યાદ કરે. ૨૦૨૧નાં અંતિમ બે ચાર દિવસ બાકી છે.આપણે તો હિન્દુ છીએ તો કેમ ક્રિશ્ચનનો તહેવાર ઉજવીએ એવું કહેનારને જરૂર કહીશ ક્યાં ખૂણે આપણે ગુજરાતી મહિનો ને તારીખ લખીએ છીએ ત્યાંતો

આપણે અંગ્રેજી મહિનો તારીખ અને સમય બધું જ અંગ્રેજોને અનુસરી જીવીએ છીએ. તો મિત્રો એ વર્ષની

છેલ્લી તારીખ ધામધૂમથી ઉજવીએ તો એમાં ક્યાંય ખોટું નથી કરતાં.યુ.કે કે યુએસએમાં ધામધૂમથી ઉજવાતી દિવાળી ને નવાવર્ષની ઝલક જોઈ આંનદીએ છીએને?

વર્ષ વિત્યું નથી નવા વર્ષને લઈને આવી રહ્યું છે. ચાલો સંકલ્પ કરીએ દોષિત નહિ નિર્દોષતાને અપનાવીએ

બૂરું નહિ ભલું ઈચ્છીએ, મનોભાવનામાં શુદ્ધતા રાખી વ્યક્તિને ઓળખતા શીખીએ તો હકારાત્મકતાને સહૃદયી બની સ્વીકારીએ. કોઈના ઉપકારને કૃતજ્ઞતા આપીએ ને કૃતઘ્નતાની ભાવના વિસરી જઈએ.વિતી ગયેલા વર્ષની છાયાને આવનાર વર્ષ પર પણ ન પડવા દઈએ.કહેવાય છે ★જાગ્યા ત્યારથી સવાર.??

તારીખિયું ...

એક વરસથી તને ફાડતી હતી

બસ હવે ખાલી બે પત્તા બાકી..!

તેમાં કેટકેટલી યાદો હતી,

રહ્યું શું છે આ બે દિવસમાં બાકી. !

એકવીસનું તું સ્વપ્ર જોતું હતું તું

તારા યૌવનની ખુમારી રહી બાકી..!

ત્યાંતો પહોંચ્યું બાવીસના પંથે..

તારીખિયું તું તો ક્યાં અટકે બાકી..!

ફરી હું ચુંટીશ તેમાંથી દિવસોનું પત્તું

દોડીશ હું પથ પર ને ફરી સંગ બાકી..!

બે પત્તા ન અટકે ..

વરસની રમઝટે..

વિતે છતાં ઝૂમે...

સ્વાગત કરવું ગમે..

પેલા વરસોનાં એ..

જાન્યુઆરી ૨૨નું બાકી...!

તારીખિયું ..રે તારીખિયું !

જયશ્રી પટેલ

---

NoG SS No/0044

વિષયઃ- યાદો ૨૦૨૧,વિતેલાં વર્ષની ખાટીમીઠી યાદો

વિભાગઃ- ગદ્ય

શબ્દઃ-૩૦૭

શીર્ષકઃ- પાઠશાળા

વર્ષનાં અંતે હું વિચારી રહી કે વર્ષ તો જોતજોતામાં પુરું થઈ ગયુ,અને એ સાથે જ વર્ષ દરમિયાન બનેલા બનાવોની ઘટમાળ તાદ્રશ થઈ.

કોરોનાએ સગાં, મિત્રો સ્નેહીજનોને છીનવી લીધાં એનું દુઃખ તો સાથે કેટલાક આનંદનાં પ્રસંગો, સાથે જ રસીકરણને કારણે કોરોના નાથવામાં મળેલી સફળતાને કારણે બહાર જવાનું શક્ય બન્યું અને મિત્રો સાથે નાનાં પ્રવાસની મોજ માણવા મળી. પરિવાર સાથે સામાજીક પ્રસંગો માણ્યા.

શ્રી પ્રદીપભાઈને ત્યાં દીકરીનાં લગ્નમાં દાદીશા, માયાબેન, દિપીકા, જશુભાઇ સાથે વિતાવેલી આનંદની ક્ષણો અને પ્રદિપભાઇ મિનાક્ષી ભાભી ની મહેમાન નવાજી એક યાદગાર સંભારણું.

અખિલ હિંદ મહિલા પરિષદનાં પ્રમુખ તરીકે સુકાન સંભાળ્યું તો સાહિત્ય અને રમત ક્ષેત્રે સિધ્ધિ પ્રાપ્ત કરી પ્રમાણપત્ર મેળવ્યાં.

સાહિત્ય ક્ષેત્રની વાત આવે તો ન્યુઝ ઓફ ગાંધીનગર ગુજરાત પહેલાં જ યાદ આવે.

ગૃપનાં સંચાલક શ્રી પ્રદીપભાઈ રાવલે નવોદિતોને પ્લેટફોર્મ પુરું પાડ્યું.દર અઠવાડિએ નવા વિષય પર લખવાનું,આ લખાણ ગૃપમાં દાદીશાનાં હુલામણા નામે જાણીતાં જયશ્રીબેન પટેલ એક એક શબ્દ વાંચી જોડણી સુધારે, જોડણી ગૃપમાં મુકે જેને કારણે લેખન શુધ્ધિનો ખ્યાલ આવ્યો. સુધારેલી રચનાઓ સંચાલક શ્રી પ્રદીપભાઈ એમનાં દેશ વિદેશમાં પ્રસિધ્ધ થતાં પેપરમાં છાપે આમ અમારો ઉત્સાહ વધારતાં રહ્યાં અને અમે આ પાઠશાળામાં ઘણું શીખ્યાં. હું થોડું ઘણું લખતી હતી ગૃપમાં આવ્યા પછી દાદીશાનાં સૂચનથી વાર્તા લખતાં શીખી જે એક હંમેશાનું યાદગાર સંભારણું.

સંચાલક શ્રી પ્રદીપભાઈ એ મારામાં વિશ્વાસ મૂકી,સર્જક મિત્રોની કૃતિ પર પ્રતિભાવ આપવાની કામગીરી સોંપી , આમાં દરેક કૃતિ ધ્યાનથી વાચવી જ પડે જેને કારણે ઘણું જાણવા શીખવા મળ્યું, મારી એક્રીગની આવડત ખીલી.

મારાં દરેક પ્રતિભાવને સંચાલક શ્રી પ્રદીપભાઈ, માયાબેન,દાદીશા, ઘેલાણી સાહેબ , મિનાક્ષી ભાભી દ્વારા હંમેશા જ બિરદાવી પ્રોત્સાહિત કરી છે.બીજાં સર્જક મિત્રો પણ અવારનવાર બિરદાવે છે જેનો મને આનંદ અને ગૌરવ છે.મારી રચનાનાં વિડિયો સુંદર રીતે મિનાક્ષી ભાભી એ રજૂ કર્યા છે. આપ સૌનો હું દિલથી આભાર માનું છું.

ગૃપ ખુબ જ સરસ રીતે પ્રગતિ કરી રહ્યું છે એ માટે સંચાલક શ્રી,એડમીન ટીમ,અને સર્જક મિત્રોનો આભાર.

સહુનાં સાથ અને સહકારથી નવાં વર્ષમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ કરીએ એવી શુભેચ્છા.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

## ઈમ્યુનિટી વધારવાનો અને "સ્વસ્થ ભારત " નો સચોટ ઉપાય એટલે ગૌ આધારિત કૃષિઃ ડૉ. વલ્લભભાઇ કથીરિયા



આજકાલ કોરોના કાળમાં હરકોઈ માણસના મોઢે ' ઈમ્યુનિટી ' શબ્દ બોલાતો થઈ ગયો છે.' ઈમ્યુનિટી 'એટલે રોગ પ્રતિકારક શકિત. રોગ પ્રતિકારકતા એટલે કે સંપૂર્ણ સ્વસ્થતા. સામાન્ય રીતે માણસ સાજો-સારો રહેતો હોય અને કોઈ ગંભીર કે મોટી અકસ્માત સિવાય ની બીમારી ન હોય તેની તંદુરસ્તી સારી હોવાનું કહેવાય. સારી તંદુરસ્તી માટે જરૂર છે સારા ખોરાક, સ્વચ્છ હવા, શુદ્ધ પાણી, અને સ્વસ્થ મન–વિચાર અને સાત્વિક કર્મની. આમ શારીરિક માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય જ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ આરોગ્ય ની વ્યાખ્યામાં સમાવેશ કર્યો છે. બીમારીમાં ઉપરના માંથી કોઈપણ એક કે બાહ્ય આક્રમણને કારણે માણસ અસ્વસ્થ બને છે. આયુર્વેદ આરોગ્યનું શાસ્ત્ર છે, ફકત બીમારી મટાડવાનું કે સારવારનું જ માત્ર નહીં !

આજે આપણે વાત કરવી છે ઈમ્યુનિટી વધારવા માટે સારો ખોરાક,વનસ્પતિ ઔષધિઓ,ઉકાળા, હર્બલ પ્રોડક્ટ્સ માટે જે પ્રચાર-પ્રસાર થાય છે તેની, ખૂબ સાચી વાત છે કે મોટાભાગનો ખોરાક વનસ્પતિ એટલે કે અનાજ, શાકભાજી અને ફળફળાદી તથા દૂધમાંથી આવે છે. શરીર ને જોઇતા મિનરલ્સ,વિટામિન,હોર્મોન્સ, પોષકતત્વો, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, ચરબી વગેરે ઉપરોક્ત પદાર્થમાંથી મળી જાય છે.

પરંતુ આપણે જે વાત કરવાની છે તે એ છે કે જે પદાર્થો શરીરના યોગ્ય પોષણ માટે કે ઈમ્યુનિટી વધારવા માટે આવે છે તે પદાર્થો ખરેખર નિર્દોષ છે ખરા? શુદ્ધ છે ખરા? એ પ્રાકૃતિક છે ખરા? કોરોના કાળ બાદ ''મ્ઙ્ગષ્ઠાં્ મ્ઙ્ગજૈષ્ઠ'',× પ્રકૃતિ તરફ પાછા વળીએ' કે 'Harmony With Nature' અંગે જન સામાન્યને ગંભીર રીતે વિચાર–મંથન કરતા કરી દીધા છે. આવા સમયે ઓર્ગેનિક ડાયેટ' જે ખૂબ જ રસપ્રદ વિષય બની ગયો છે. તેની ચર્ચા કરવી જરૂરી છે.

ઓર્ગેનિક એટલે કે જે ખોરાકમાં હાનિકારક જંતુનાશકો- પેસ્ટીસાઈડઝ રાસાયણિક ખાતર,ફર્ટિલાઇઝર કે જેનેટિકલી મોડીફાઈડ બિયારણનો ઉપયોગ ન થયો હોય તેવા અનાજ- શાકભાજી-ફળફળાદી હોય તેને ઓર્ગેનિક ખોરાક ની વ્યાખ્યા માં મૂકી શકાય. વિચારીએ કે આજકાલ આપણે શું ખાઈએ છીએ. અરે ફળફળાદી ને પકવવામાં પણ કેમિકલ નો ઉપયોગ અને ઝંક ફૂડના પિઝર્વેટીવની તો વાત જ શું કરવી?

એટલે જ ×જાગ્યા ત્યારથી સવાર× કરી એ દિશામાં આગળ વધવું પડશે. એ વાત આપણે સમજી લઈએ કે ઓર્ગેનિક એટલે કે ઝેર મુક્ત અનાજની ડીમાન્ડ કરવી પડશે. હજારો રૂપીયા ના ખોટા ખર્ચા આપણે કરીએ છીએ. બીનજરૂરી ખર્ચા બંધ કરી સારો પ્રાકૃતિક ખોરાક આપણા પોતાના પરિવાર માટે ન વાપરી શકીએ ? કાગારોળ કરવાનું બંધ કરીએ. આ માટે ખેડૂતોને ઓર્ગેનીક ખેતી તરફ વાળવા પડશે. ગૌ આધારિત ખેતી જ એકમાત્ર વિકલ્પ છે. દરેક ખેડૂત ગૌવંશ પાળે, તેના ગૌમૂત્રમાંથી જીવામૃત અને હર્બલ પેસ્ટીસાઈડ- રોગ નિયંત્રક બનાવી તેના પાકમાં ઉપયોગ કરે તે માટે રાષ્ટ્રીય અભિયાન શરૂ થયું છે. મહાન,ભવ્ય અને દિવ્ય ભારતના સ્વપ્ર દ્રષ્ટા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લાથી જાહેરાત કરી છે કે હું ધરતી માતાને ઝેર મુકત કરવા માગું છું. માટે સૌને પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરીએ. ઘેર ઘેર ગાય પાળી, દૂધ-દહીં આરોગી,ગૌમૂત્ર–ગોબર આધારિત ખેતી કરી. ઝેર રહિત ફળ-શાકભાજી ઉગાડીએ અને સમાજને આપીએ. ભારત સરકાર અને વિવિધ રાજ્ય સરકારોએ આ દિશામાં કદમ ઉઠાવ્યા છે. ઓર્ગેનિક ફાર્મિંગ, બાયો ફર્ટિલાઇઝર માટેની પોલિસી બની છે. પ્રોત્સાહક સ્કીમ બનાવી છે. ઓર્ગેનિક સર્ટિફિકેશન, FPO "ફાર્મસ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન'' બાયોફર્ટીલાઈઝર,ઓર્ગેનિક માર્કેટ વગેરે માટે અલગ અલગ વિભાગો કાર્યરત છે. ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી રાજ્યમાં પ્રાકૃતિક ખેતી ના સેમિનારો કરી ખેડૂતોને પ્રોત્સાહિત કરી રહ્યા છે. વાતાવરણ ખૂબ સાનુકૂળ છે. લોકોમાં જાગૃતિ આવી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી ના 'આત્મનિર્ભર ભારત' અભિયાનને સાર્થક કરવા ઘર આંગણે જ પેસ્ટીસાઈડ –બાયો ફર્ટિલાઇઝર બનાવી કરોડો રૂપિયાનું હુંડીયામણ બચાવી શકીશું. દેશમાં રોજગારીની નવી તકો પ્રાપ્ત થશે યુવાનો અને મહિલા ઉધમીઓને આત્મનિર્ભર બનાવામાં પ્રોત્સાહન મળશે. કૃષિ- ગૌ ઉધોગો દ્વારા ગ્રામ વિકાસ થશે. ઓર્ગેનિક પેદાશોને કારણે લોકોનું આરોગ્ય સુધરશે. દેશ સ્વસ્થ બનશે.આમ હેલ્ધી ઈન્ડિયાનું સ્વપ્ર સાકાર થશે. તો ચાલો આપણે ગૌ આધારીત કૃષિ દ્વારા ગૌ સંસ્કૃતિની પુનઃસ્થાપના માં યોગદાન આપીએ.

વંદે ગૌ માતરમ્.

## હિન્દી મુદ્દે ડીએમકે સાથે ભાજપ પણ રાજ્યપાલના વિરોધમાં

# રાજ્યમાં શિક્ષણમાં દ્વિભાષી ફોર્મ્યુલા એટલે કે તમિલ અને અંગ્રેજી ભાષાઓ જ લાગુ રહેશે

ચેન્નાઇ,તા.૩૦

તમિલનાડુમાં હિન્દી ભાષાના મુદ્દે ફરી રાજકારણ રમાઇ રહ્યું છે. રાજ્યપાલ આર. એન. રવિએ તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ (એનઈપી) લાગુ કરવા કહ્યું છે પણ સત્તારૂઢ ડીએમકે સરકાર તેનો વિરોધ કરી રહી છે. ડીએમકે સરકારનું કહેવું છે કે રાજ્યમાં શિક્ષણમાં દ્વિભાષી ફોર્મ્યુલા એટલે કે તમિલ અને અંગ્રેજી ભાષાઓ જ લાગુ રહેશે જ્યારે રાજ્યપાલ જે એનઈપી લાગુ કરવા કહે છે તેમાં તમિલ, અંગ્રેજીની સાથે ત્રીજી ભાષા તરીકે હિન્દીને પ્રસ્તાવિત કરાઇ રહી છે.

રાજ્યના ઉચ્ચ શિક્ષણમંત્રી કે. પોનમુદીનું કહેવું છે કે ત્રીજી ભાષાને વિકલ્પ તરીકે રખાશે, ફરજિયાત નહીં કરાય. નોંધનીય છે કે રાજ્યપાલે તાજેતરમાં ત્રિચિમાં ભારતીદાસન યુનિ.ના કુલપતિ સહિત રાજ્યની અન્ય શૈક્ષણિક સંસ્થાઓને એનઈપી લાગુ કરવા કહ્યું હતું. દ્રમુક સરકારનું કહેવું છે કે એનઈપીમાં ત્રિભાષી ફોર્મ્યુલા છે.

રાજ્યપાલ તરફથી તેને લાગુ કરાવવા પર ભાર મૂકવાથી હિન્દી લાગુ કરવાનો મેસેજ જાય છે. રસપ્રદ હકીકત એ છે કે પ્રદેશ ભાજપે રાજ્યમાં એનઈપી લાગુ કરીને હિન્દી થોપવાના કોઇ પણ પ્રયાસના વિરોધની જાહેરાત કરી છે. પ્રદેશ ભાજપપ્રમુખ કે. અન્નામલાઇનું કહેવું છે કે કોઇ પણ રાજ્યમાં કોઇ પણ ભાષા થોપવી ખોટું છે.

પ્રદેશ ભાજપ તેનો વિરોધ કરશે. રાજકીય સમીક્ષક રંગરાજને વાતચીતમાં કહ્યું કે તાજેતરમાં રાજ્યપાલોની કોન્ફરન્સમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ રાજ્યપાલોને એનઈપી લાગુ કરવામાં સક્રિય ભૂમિકા ભજવવાની વાત કરી ચૂક્યા છે. આ સંકેત છે કે કેન્દ્ર સરકાર રાજ્યપાલોને બિનભાજપશાસિત રાજ્યોમાં એનઈપી લાગુ કરવા કહી રહી છે. બંધારણ મુજબ રાજ્યપાલ કોઇ રાજ્યના વહીવટકર્તા ન હોઇ શકે.

મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને આ વર્ષે સત્તા સંભાળ્યા બાદ સાફ શબ્દોમાં કહ્યું હતું કે તેમની સરકાર એનઈપી ક્યારેય લાગુ નહીં કરે. રાજ્ય સરકાર નિષ્ણાતોની એક સમિતિ રચીને તમિલનાડુ માટે અલાયદી શિક્ષણનીતિ ઘડશે. ડીએમકેના સાથી પક્ષ વીસીકે પાર્ટીના સાંસદ રવિકુમારનું કહેવું છે કે રાજ્યપાલે સમાંતર સિસ્ટમ ન ચલાવવી જોઇએ. મુખ્યમંત્રીએ કોમન યુનિવર્સિટી એક્ટ લાવવો જોઇએ.

# દેશમાં કોરોના ના છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૧૫૪ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૩૦

ઓમિક્રોનના ખૌફ વચ્ચે દેશમાં કોરોનાના નવા કેસમાં જબરદસ્ત ઉછાળો નોંધાયો છે જે ચિંતાની વાત છે. આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૧૫૪ નવા કેસ નોંધાયા છે. જ્યારે દેશમાં ઓમિક્રોનના કેસનો આંકડો ૯૬૧ પર પહોંચ્યો છે. દેશમાં ગઈ કાલની સરખામણીએ નવા કેસમાં ૪૩ ટકાનો ઉછાળો નોંધાયો છે. ગઈ કાલે ૯ હજાર જેટલા કેસ નોંધાયા હતા.

સ્વાસ્થ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૩,૧૫૪ દર્દીઓ નોંધાયા છે. જ્યારે સંક્રમણથી ૨૪ કલાકમાં ૨૬૮ દર્દીઓના મોત થયા છે. અત્યાર સુધીમાં ૪,૮૦,૮૬૦ દર્દીઓ કોરોનાથી જીવ ગુમાવી ચૂક્યા છે. આ બધા વચ્ચે હવે ઓમિક્રોનને લઈને ચિંતા વધી ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે દેશમાં કોરોના વાયરસના ઓમિક્રોન વેરિએન્ટના કેસ વધીને ૯૬૧ થઈ ગયા છે. આ કેસ ૨૨ રાજ્યોમાં રિપોર્ટ થયેલા છે. જ્યારે ૩૨૦ દર્દીઓ સાજા થઈ ગયા છે. ઓમિક્રોનના સૌથી વધુ કેસ દિલ્હીમાં ૨૬૩ અને મહારાષ્ટ્રમાં ૨૫૨ કેસ નોંધાયા છે. જ્યારે ગુજરાત ઓમિક્રોન મામલે ત્રીજા નંબરે છે જ્યાં ૯૭ દર્દીઓ નોંધાયા છે. રાજસ્થાનમાં ૬૯, કેરળમાં ૬૫, તેલંગણામાં ૬૨, તમિલનાડુમાં ૪૫, કર્ણાટકમાં ૩૪, આંધ્ર પ્રદેશમાં ૧૬, હરિયાણામાં ૧૨, પશ્ચિમ બંગાળમાં ૧૧, મધ્ય પ્રદેશમાં ૯, ઓડિશામાં ૯, ઉત્તરાખંડમાં ૪, ચંડીગઢમાં ૩, ઉત્તર પ્રદેશમાં ૨, ગોવા, હિમાચલ પ્રદેશ લદાખ મણિપુર પંજાબમાં એક એક કેસ નોંધાયા છે.

રસીકરણની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં ૬૩,૯૧,૨૮૨ લોકોને રસીના ડોઝ અપાયા છે. કુલ રસીકરણનો આંકડો ૧,૪૩,૮૩,૨૨,૭૪૨ પર પહોંચી ગયો છે. દેશમાં હાલ ૮૨,૪૦૨ દર્દીઓ સારવાર હેઠળ છે. કોરોનાથી રિકવરી રેટ ૯૮.૩૮% છે.

# ભારતીય સંસ્કૃતિ અનુસાર ચૈત્ર સુદ એકમ ના દિવસે નવું વર્ષ ઉજવો!

ભારતમાં પશ્ચિમી સંસ્કૃતિનો વધતો પ્રભાવ

જેમ ભારત આધુનિકીકરણ તરફ આગળ વધી રહ્યું છે તેમ ભારતીયો પર પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ વધી રહ્યો છે. ભૂતકાળમાં શાળા-કોલેજોમાં સમાજ અને રાષ્ટ્ર માટે પોતાના જીવનની આહુતિ આપનાર સમાજ સુધારકો અને ક્રાંતિકારીઓની જયંતી ઉજવવામાં આવતી હતી પરંતુ; હાલમાં દરેક જગ્યાએ વેલેન્ટાઈન ડે, રોઝ ડે, રિબન ડે, સાડી ડે અને ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરવામાં આવી રહી છે. પશ્ચિમી સંસ્કૃતિના વર્તનને કારણે આજનું યુવાધન ઘટી રહ્યું છે. આ પ્રથાને કારણે આપણી મૂળ હિન્દુ સંસ્કૃતિ ખોવાઈ રહી છે. મનોરંજનના એક સ્વરૂપ તરીકે અથવા શોખ તરીકે, અમે ૩૧મી ડિસેમ્બરની રાત્રે નવા વર્ષની પૂર્વ સંધ્યા માટે તૈયાર થઈએ છીએ અને મધ્યરાત્રિમાંનવા વર્ષનું સ્વાગત કરીએ છીએ; પણ એવું કરવું આપણી સંસ્કૃતિમાં નથી. ભારતીય સંસ્કૃતિ અનુસાર નવું વર્ષ ચૈત્ર સુદ એકમના દિવસે આવે છે. આ દિવસને નવા વર્ષ તરીકે ઉજવો અને આનંદ કરો.

ભારતીય સંસ્કૃતિનું મહત્વ

ભારતીય સંસ્કૃતિ સૌથી પ્રાચીન અને મહાન સંસ્કૃતિ છે. પ્રાણીએ જન્મથી મૃત્યુ સુધી કેવી રીતે વર્તવું જોઈએ? અને તમારા જન્મને સાર્થક કેવી રીતે કરવો? આ વાત આપણા ઋષિઓએ વેદ ઉપનિષદોમાં લખી છે. તેને અનુસરીને, આજે ઘણા લોકોએ તેમના જીવનનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે. આજે પશ્ચિમના લોકો પણ ભારતીય સંસ્કૃતિ તરફ આકર્ષાયા છે. તેઓ ભારતીય શાસ્ત્રોમાં શાશ્વત આનંદની શોધ કરી રહ્યા છે કારણ કે તેઓ સુખવાદી સંસ્કૃતિથી ગ્રસ્ત છે. તેઓ સાધના કરીને પોતાનું કલ્યાણ કરી રહ્યા છે.

૧ જાન્યુઆરી એ ખ્રિસ્તી નવા વર્ષની શરૂઆત છે

૧ જાન્યુઆરી એ ખરેખર ખ્રિસ્તી નવા વર્ષની શરૂઆત છે. આજે, વિશ્વમાં ખ્રિસ્તી રાષ્ટ્રો બહુમતીમાં હોવાથી આ રાષ્ટ્રો વિશ્વના મોટાભાગના દેશો પર પ્રભુત્વ ધરાવે છે, તેમની સંસ્કૃતિની પાઘડી સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. આના કારણે 'જાન્યુઆરી ૧ એ વિશ્વ નવું વર્ષ છે' એવી ગેરસમજ ઊભી થઈ છે; પરંતુ આજે વિશ્વના નકશા પર ઘણા એવા રાષ્ટ્રો છે જે આ પશ્ચિમી સંસ્કૃતિનો નાશ કરીને સ્વરાષ્ટ્રની સંસ્કૃતિને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમનું નવું વર્ષ ૧લી જાન્યુઆરીથી શરૂ થતું નથી. ભારતીય સંસ્કૃતિ સૌથી પ્રાચીન છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર નવા વર્ષની શરૂઆત ચૈત્ર સુદ એકમના દિવસે થાય છે. આ પૃથ્વીની રચનાનો દિવસ છે. તેથી, તમામ ભારતીયોએ ચૈત્ર સુદ એકમથી નવા વર્ષની શરૂઆત કરવી જોઈએ; પરંતુ દેશ આઝાદ થયા પછી પણ કેટલીક બાબતોમાં આપણે અંગ્રેજોની આઝાદી છોડી નથી. આ તેમાંથી એક છે.

ભારતીય સંસ્કૃતિની મહાનતાને ઓળખવાની અને આપણી મહાન સંસ્કૃતિ નષ્ટ ન થાય તે માટેપ્રયાસ કરવો જરૂરી છે!

હિન્દુ ધર્મ/સંસ્કૃતિ શાશ્વત હોવાથી, તે દરેક વસ્તુમાં શાશ્વત ભગવાનના વિવિધ સ્વરૂપો સાથે સંબંધિત છે, દા.ત. જ્યારે ગણેશ તત્વ બ્રહ્માંડમાં વધારે પ્રમાણમાં હોય છે, ત્યારે જ્ઞાનરૂપ અને વિઘ્નરૂપ શ્રી ગણેશ ચતુર્થી; જ્યારે શક્તિ તત્વ વધારે હોય, ત્યારે નવરાત્ર; જ્ઞાન, ભક્તિ અને સંન્યાસતત્વવધારેપ્રમાણમાં હોય છેત્યારેશિવરાત્ર હોય છે. તેનાથી વિપરીત, અન્ય સંપ્રદાયોમાં મહત્વપૂર્ણ દિવસો પૃથ્વી પર બનેલી ઘટનાઓ સાથે સંકળાયેલા છે.

હિંદુ ધર્મની મહાનતા અને ભારતીયોની 'અંગ્રેજોની માનસિક ગુલામી' અને તેમના વિચારોની ક્ષુદ્રતા નીચેના કેટલાક ઉદાહરણો પરથી જોઈ શકાય છે.

૧. ભારતીય સંસ્કૃતિ પર આધારિત 'શાલિવાહન શક' કે બીજા શકવર્ષ ગણના માટે ધ્યાનમાં લેવાને બદલે અંગ્રેજોની માનસિક ગુલામી તરીકે 'ઈ.સ.' પદ્ધતિવર્ષ ગણના માટે અપનાવવાનું શરૂ કર્યું, જેનો કાળ સાથે કોઈ લેવાદેવા નથી.

૨. એકમના દિવસે નિર્મિતિ સંબંધિત પ્રજાપતિલહારી જ્યારે પૃથ્વી પર સૌથી વધારે પ્રમાણમાં હોય છે, ત્યારે તેણે વર્ષની શરૂઆતના દિવસ તરીકે ન ઉજવતાં, અંગ્રેજોની માનસિક ગુલામી તરીકે, ૧ જાન્યુઆરીનેવર્ષારંભ ના દિવસ તરીકે મનાવવાનું શરૂ કર્યું.

૩. ધનતેરસે સ્વાસ્થ્યના દેવતા ધન્વંતરિના દિવસ તરીકે મનાવવાને બદલે પશ્ચિમના લોકોમાં 'વિશ્વ આરોગ્ય દિવસ' મનાવવાનો રિવાજ બની ગયો છે.

૪. શ્રી લક્ષ્મી પૂજાના દિવસે, જ્યારે શ્રી લક્ષ્મીલહરીઓ મોટાપ્રમાણમાં પૃથ્વી પર આવી રહ્યા હતા, ત્યારે તે આર્થિક વર્ષના પહેલા દિવસ તરીકે મનાવવામાં આવ્યો ન હતો પરંતુ ૧ એપ્રિલ, જે બિન-સૈદ્ધાંતિક દિવસછે એઅંગ્રેજો દ્વારાઆર્થિક વર્ષના પહેલા દિવસ તરીકે શરૂ કરવામાં આવ્યો હતો.

આવા ઘણા ઉદાહરણો દર્શાવે છે કે પશ્ચિમી સંસ્કૃતિનો કોઈ આધાર નથી. ભારતીય સંસ્કૃતિને અપનાવવી અને તેમના પ્રમાણે કાર્ય કરવું વધુ યોગ્ય છે. આ માટે ભારતીય સંસ્કૃતિ મુજબ ચૈત્ર સુદ એકમ પર નવું વર્ષ ઉજવો!

સંપર્ક - ૯૩૭૬૫૧૩૮૩૨

સૌજન્ય - હિન્દુ જનજાગૃતિ સમિતિ

# જિંદગી

લાગે કોઈને સારી ,કોઈને નઠારી છે જિંદગી,
કોઈને મીઠી તો કોઈને ખારી છે જિંદગી.
દરેક ફૂલોમાં કાંઈ સુગંધ હોતી નથી,
છતાં ઉપવનને ઘણી પ્યારી છે જિંદગી.
લેખ વિધિના લખાયા જુદા હર લલાટે,
તે છતાં સૌ લોકે સ્વીકારી છે જિંદગી.
કોઈને કરે સફળ તો નિષ્ફળ કરે કોઈને,
ઈમ્તિહાન દેવો પડે એવી તો છે જિંદગી.
દમ ઘૂંટાય ત્હોય,જીવવી પડે છે જિંદગી,
કદી પ્રેમાળ તો અળવીતરી છે જિંદગી.
કોઈ ચાલે નીતિ પર ,કોઈ અનીતિ ચલાવે છે,
કોઈની સુખી, કોઈની દુઃખિયારી છે જિંદગી.
હર કદમ પર કસોટી ને ઠોકરો ઘણી,
કોઈએ જીતી, કોઈએ હારી છે જિંદગી.



યોગેશભાઈ આર જોશી,હાલોલ

## અમદાવાદમાં દિવ્ય ભાસ્કર દ્વારા રિયલ એસ્ટેટ ના લોકોને એવોર્ડ્સ એનાયત કરાયા




આજે અમદાવાદ માં હોટલ મેરિયટ ના આલિશાન હોલ ખાતે દિવ્ય ભાસ્કર દ્વારા રિયલ એસ્ટેટ આઈકોન - ૨૦૨૧ એવોર્ડનો કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમ માં મહેસુલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી એ જણાવ્યું હતું કે, આજે ભારત દેશ એ નિરંતર ગતિએ વિકાસ સાધી રહ્યું છે અને વિશ્વ ગુરુ બનવા તરફ આગળ વધી રહ્યું છે..... એમણે કહ્યું કે ,ભારત દેશને એવા વડાપ્રધાન મળ્યા છે કે જેઓ દેશની પ્રગતિ માટે હરહંમેશ પ્રયત્નશીલ રહે છે.. મંત્રીશ્રીએ જણાવ્યું કે,કોઈ પણ કાર્ય કરવા માટે મહેનત ખૂબ જ જરૂરી છે.અથાગ પરિશ્રમ અને મહેનત થી તમે કોઈ પણ કાર્ય પાર પાડી સકો છો. આ કાર્યક્રમમાં મોટીવેશનલ સ્પીકર શ્રી ગૌર ગોપાલ દાસજી,આઈએસ શ્રી ડી.પી.જોશી દિવ્ય ભાસ્કર ના સીઈઓ શ્રી સંજય ચૌહાણ , વગરે ઉપસ્થિત રહ્યા હતા.

અંજલી શુકલ

## રાજ્યભરમાં આજે કાપડ માર્કેટ બંધ!

## જીએસટી દર વધારા મુદ્દે કાપડના વેપારીઓ પ્રદર્શન કરી વિરોધ નોંધાવ્યો

અમદાવાદ,તા.૩૦

રાજયભરમાં આજે કાપડના વેપારીઓ બંધ પાળ્યો હતો.જીએસટી દરમાં વધારો કરવાના નિર્ણય મુદ્દે રાજયભરના કાપડના વેપારીઓ સંપૂર્ણ બંધ રાખી વિરોધ પ્રદર્શીત કર્યા હતાં.સુરતની સૌથી મોટે ટેક્સટાઈલ માર્કેટના તમામ વેપારીઓ બંધમાં જોડાયા હતાં આ તરફ અમદાવાદમાં પણ કાપડ બજાર બંધ રહ્યાં હતાં વિવિધ વેપારી એસોસિએશને પણ બંધનું એલાન આપ્યું હતું અને પોતાની દુકાનો અને ધંધા બંધ રાખ્યા હતાં.રાજયના અન્ય જિલ્લાના કાપડના વેપારીઓએ પણ બંધને સમર્થન આપ્યું હતું અને દુકાનો બંધ કરી ધરણા સુત્રોચ્ચાર કરી વિરોધ વ્યકત કર્યો હતો

એ યાદ રહે કે હવે કાપડ પર જીએસટી પાંચ ટકાથી વધારી ૧૨ ટકા કરવા સામે વેપારીઓએ એકજુથ થઈને વિરોધ કરવા રણનીતિ બનાવી આજે વેપારીઓ સજ્જડ બંધ રાખીને વિરોધ પણ વ્યક્ત કર્યો હતો. આ પહેલા સુરતમાં વેપારીઓ કાળી પટ્ટી બાંધીને થાળીઓ વગાડીને વિરોધ દર્શાવવાના હતા. જોકે, એક દિવસ કાપડ બજાર બંધ રહેતા કરોડો રૂપિયાનું નુકસાન થયું છે છતા એક દિવસની આવક જતી કરીને અને નુકસાની વહોરીને પણ સુરતના વેપારીઓ રોડ પર ઉતર્યા હતાં આગામી દિવસમાં આંદોલન વધુ ઉગ્ર બની શકે છે તેવી શંકા સેવાય રહી છે સુરતમાં જીએસટીના વિરોધમાં વેપારીઓ રસ્તા પર ઉતર્યા છે. વિવિધ કાપડ માર્કેટની બહાર વિરોધ પ્રદર્શન કર્યા હતાં સહારા દરવાજા ખાતે વિરોધ પ્રદર્શન કરાયુ હતું. વેપારીઓએ કાળા વાવટા બતાવી વિરોધ દર્શાવ્યો હતો. ગારમેન્ટમાં જીએસટીના વધારાની જાહેરાત થતા જ સુરતના વેપારીઓ ચિંતામાં મૂકાયા છે. તેમને ધંધામા મોટું નુકસાન જાય તેની ભીતિ સેવાઈ રહી છે. આવામાં જીએસટીના જાહેરાતથી જ વેપારીઓ તેનો વિરોધ કરી રહ્યાં છે. ગઈકાલે ઈઇદ્ધ માર્કેટમાં હવન કરવામાં આવ્યો હતો. વેપારીઓએ કહ્યું કે, સરકારને સદબુદ્ધિ આવે તે માટે હવન કરાયો હતો.

## મુખ્ય મંત્રીશ્રીએ યુવાનોને પ્રતિકરૂપે રોજગાર નિમણૂક પત્રો અને એપ્રેન્ટિસશિપ કરારપત્રો એનાયત કર્યા

# મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સુશાસન સપ્તાહ નિમિત્તે શ્રમ અને રોજગાર વિભાગના વિવિધ પ્રકલ્પોનું ઉદ્ઘાટન કર્યું



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુશાસન સપ્તાહ અંતર્ગત અમદાવાદના બોડકદેવ સ્થિત પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે રોજગાર નિમણૂંક પત્રો તથા એપ્રેન્ટિસશીપ કરારપત્રોનું વિતરણ સમારોહને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાતે સમગ્ર દેશમાં ગુડ ગવર્નન્સ આંકમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. તેમણે કહ્યું કે, કોઈ પણ રાજય- રાષ્ટ્રના વિકાસ માટે પાયાની શરત એ ગુડ ગવર્નન્સ છે. અને ગુજરાતે ગુડ ગવર્નન્સના ક્ષેત્રે નવા માપદંડો પ્રસ્થાપિત કર્યા છે. તેમણે ઉમેર્યું કે, અર્થવ્યવસ્થા, માનવ સંસાધન, માળખાગત સુવિધા, સમાજ કલ્યાણ અને સામાજિક સુરક્ષાના ક્ષેત્રમાં ગુજરાતે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ સુશાસન સપ્તાહ નિમિત્તે ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીનું પણ સ્મરણ કર્યું હતું. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રમમેવ જયતેનું સૂત્ર આપી શ્રમનો મહિમા વધાર્યો છે અને યુવાનોના બાવડાના બળે આત્મનિર્ભર ભારત અને નયા ભારતનો સંકલ્પ કર્યો છે. તેમણે આ અવસરે એમ પણ ઉમેર્યું કે, શ્રી નરેન્દ્રભાઈએ "હર હાથ કો કામ, હર કામ કો સન્માન" નું સૂત્ર ચરિતાર્થ કર્યું છે.

મુખ્યંમંત્રીશ્રીએ ગૌરવભેર જણાવ્યું કે, નવી સદીનો આ કાળખંડ ભારત માટે નવી તકો લઈને આવ્યો છે ત્યારે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આપણે યુવાશક્તિને કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા જેવા અભિયાન થકી વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર કરી રહ્યા છીએ.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે, સ્કીલ હ્યુમન રિસોર્સ એ આજના સમયની આવશ્યકતા છે અને ગુજરાત તે દિશામાં મક્કતાથી આગળ વધી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પગલે ગુજરાતમાં ઉદ્યોગો સ્થપાતા કૌશલ્યવાન યુવાનોની જરૂરિયાત ઉભી થઈ છે, ત્યારે તેને અનુલક્ષીને ગુજરાત સરકારે નવા અભ્યાસક્રમો પણ શરુ કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે , સુશાસન સપ્તાહમાં આજનો દિવસ આપણે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારને સમર્પિત કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે ગુજરાતના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા છે એવી શ્રમ-શાંતિ એટલે કે લેબર પીસનો પણ ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ યુવાનોને આહવાન કરતાં કહ્યું કે, હું ઈચ્છું છે કે ગુજરાતના વિકાસમાં યુવાનો સહભાગી બને અને આ સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાતની વિકાસયાત્રામાં વધુને વધુ યુવાનોને જોડી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ આ અંગેની પૂર્વભૂમિકા આપતા કહ્યં કે, ગુજરાતની રોજગાર કચેરી દ્વારા આ વર્ષે કુલ. ૧.૬૭ લાખથી વધુ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી છે અને આ આંકડો છેલ્લા પાંચ વર્ષમાં ૧૭.૩૧ લાખનો રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે મેગા જોબ ફેર, મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના જેવા યુવા રોજગારલક્ષી અભિયાનનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, આજે આપણે ૩ હજારથી વધુ યુવાનોને એપ્રન્ટિસશીપ કરારના નિમણૂકપત્રો આપ્યા છે અને ૨૦૨૧-૨૨માં કુલ ૩૮ હજારથી વધુ યુવાનોને એપ્રેન્ટીસશીપ કરારના નિમણુંકપત્રો આપવામાં આવ્યા છે.

સુશાસન સપ્તાહના છઠ્ઠા દિવસે આજે મુખ્યમંત્રીશ્રીના હસ્તે રોજગાર નિમણૂંક પત્રો તથા એપ્રેન્ટિસશીપ કરારપત્રોનું વિતરણ , એપ્રેન્ટિસ સ્ટાઈપેન્ડ રિએમ્બર્સમેન્ટ મોડ્યુલનો શુભારંભ, આઈ.ટી.આઈ સંસ્થાકીય સ્ટાઈપેન્ડનું ડિજિટલ ગુજરાતપોર્ટલ પર લોન્ચિંગ , આઈ.ટી.આઈના નવનિર્મિત ભવનનું લોકાર્પણ અને ઈ-શ્રમ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર રાજયમાં ૩૩ સ્થળોએ રોજગાર વિતરણ પત્ર અને ઈ-શ્રમ કાર્ડના વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે સુંદર , સરળ અને લોકાભિમુખ શાસનને સુશાસન ગણાવીને રાજ્ય સરકારની જન્મથી મરણ સુધીની લાભાન્વિત કરતી યોજનાઓ સુશાસનની પરિકલ્પના સાકાર કરતી હોવાનું જણાવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપાઈજીએ સુશાસનના ચિંધેલા માર્ગ પર ચાલીને લોકાભિમુખ શાસનની વ્યવસ્થા ઉપલબ્ધ કરી છે. જે પરિપાટી પર ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર ચાલી રહી હોવાનું જણાવ્યું હતું. રાજ્યમાં થયેલ સર્વાંગી વિકાસના કારણે જ આજે ગુજરાત સુશાસન આંક માં મોખરે રહ્યું છે. વિવિધ પ્રાંતમાંથી રોજગારી અર્થે રાજ્યમાં આવીને વસેલા લોકોને પણ ગુજરાત રાજ્યે હરહંમેશ આવકાર્યા છે. વાઈબ્રન્ટ ગુજરાત રાજ્યમાં નવા ઉદ્યોગો અને રોજગારીની તકોનું સર્જન કરશે. વાઈબ્રન્ટ ગુજરાતના આયોજન થી જ રાજ્યને વૈશ્વિક ફલક પર નામના મળી હોવાનું આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું.

રાજય સરકારના શ્રમ, કૌશલ વિકાસ અને રોજગાર મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા એ કાર્યક્રમના સંદર્ભમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના દીન શ્રમિકોને ×શ્રમયોગી× તરીકે નવાજ્યા હોવાનું જણાવી કાશી મંદિર નિર્માણ સાથે જોડાયેલા શ્રમયોગીઓ સાથે વડાપ્રધાન શ્રીએ ભોજન કર્યું હોવાનું જણાવ્યું હતું.

રાજ્ય સરકારનું શ્રમ અને રોજગાર વિભાગ યુવાનોની કારકિર્દી ઘડતરમાં અને તેમને પગભર બનાવવામાં અહમ ભૂમિકા ભજવી રહ્યું હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

રાજયમાં યુવાનોના કૌશલ્યવર્ધન ક્ષેત્રમાં વધારો કરવા "ધ સ્કિલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી" ટૂંક જ સમયમાં કાર્યરત થઈ રહી હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં રાજયના અંદાજિત ૫૦ હજાર યુવાનોને રોજગાર નિમણૂક પત્રો અને આશરે ૩૦ હજાર યુવાનોને એપ્રેન્ટીસ કરાર પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.જેમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે પણ પ્રતીકરૂપે યુવાનોને રોજગાર પત્રાને એપ્રેન્ટીસ પત્રાથી લાભાન્વિત કરવામાં આવ્યા હતા.

ઉપરોક્ત કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, કુટીર ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સાંસદ સર્વ શ્રી કિરીટભાઈ સોલંકી, નરહરિભાઈ અમીન, ધારાસભ્ય સર્વશ્રી બાબુભાઈ પટેલ, રાકેશભાઈ શાહ, સુરેશ પટેલ, કિશોર ચૌહાણ, બલરામ થાવાણી, પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,અમદાવાદ શહેર મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર શ્રી ગીતાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનિલ ધામેલિયા, અગ્રણી શ્રી કણાવતી મહાનગરના અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ સહિતના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લાલજી ચાવડા/ અમિતસિંહ ચૌહાણ

## નામદાર કોર્ટ તરફથી CRPC ની કલમ ૮૨ મુજબ આરોપીને કોર્ટ સમક્ષ હાજર થવા અંગેનું જાહેરનામું

અમદાવાદ શહેરના ઝોન – ૫ ના નાયબ પોલીસ કમિશનરશ્રીની અખબારી યાદી અનુસાર અમદાવાદ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ નં- ૧૬ ખાતે વિશેષ ન્યાયાધીશશ્રી આશિષ મલ્હોત્રાની કોર્ટમાં આરોપી કિરણભાઈ ગણપતભાઈ પટણીને તા. ૧૪-૧૨-૨૦૨૧ના રોજ હાજર રહેવા માટેનો આદેશ કરવામા આવ્યો છે. ફરિયાદ અનુસાર આરોપી કિરણભાઈ ગણપતભાઈ પટણી, રહેવાસી, મ.નં-૩, સફેદ મીલના કાચા છાપરા, અનીલ સ્ટાર્ચ મીલ પાસે બાપુનગર, અમદાવાદ તથા મૂળ વતન- ગામ- હેડલા, તા.પાટણ, જિ- પાટણ એ ધ ઈન્ડિયન પીનલ કોડ કલમ – ૩૬૩,૩૬૬ અને ૩૭૬ તથા પોક્સો એક્ટ કલમ – ૪,૬,૮,૧૦ ૧૨ અનુસાર સજાપાત્ર ગુનો કરેલ છે.(અથવા એવો ગુનો કર્યાનો શક છે). યાદીમાં જણાવ્યા અનુસાર આરોપી સામે કાઢવામાં આવેલું ગીરફતારી વોરંટ એવા શેરા સહિત પાછું આવેલ છે કે ઉપર જણાવેલ આરોપી મળી આવતો નથી અથવા તેના આધારે નામદાર કોર્ટને ખાતરી કરાવી આપવામાં આવી છે કે આરોપી કિરણભાઈ ગણપતભાઈ પટણી ભાગી ગયા છે. ( અથવા તો સદર ગિરફતારી વોરંટની બજણી અટકાવવા માટે તેણે પોતાની જાતને છુપાવી દીધેલ છે.)

આથી નામદાર જજશ્રીએ આરોપી વિરુદ્ધ CRPC ની કલમ ૮૨ મુજબની કાર્યવાહી કરવાનો હુકમ કર્યો છે.

## અમદાવાદ જિલ્લામાં ૨૯ ડિસેમ્બરના રોજ ૨૮૦૦ થી વધુ લોકોને રસી અપાઈ

અમદાવાદ જિલ્લા આરોગ્ય શાખામાંથી પ્રાપ્ત માહિતી અનુસાર ૨૯ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ જિલ્લામાં કુલ ૨૮૬૩ નાગરિકોને રસી આપવામાં આવી હતી. જેમાં ૩૯૬ નાગરિકોને પ્રથમ ડોઝ, જ્યારે ૨૪૬૭ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામા આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે જિલ્લામાં કુલ ૭૫ સેશનમાં આ રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. નોંધપાત્ર બાબત એ છે કે અમદાવાદ જિલ્લાના ૪૬૫ ગામડાઓમાં ૧૦૦ ટકા રસીકરણ થઈ ચૂક્યું છે.

## નદી ઉત્સવ- પ્રભાત ફેરી

## આપણી લોકમાતાનું બિરૂદ પામેલી નદીઓની સ્વચ્છતા જાળવવી અત્યંત અનિવાર્ય છે. - શ્રમ રોજગાર મંત્રી શ્રી બ્રીજેશ મેરજા



સમગ્ર દેશમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' ની ઉજવણી થઈ રહીછે જેના ભાગરૂપે ભારત સરકારના જળશક્તિ મંત્રાલય દ્વારા "River of India" થીમ પર વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત ગુજરાત સરકારે ૨૬ ડિસેમ્બર થી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૧ દરમિયાન "નદી મહોત્સવ" ઉજવવાનું આયોજન કર્યું છે. જેમાં અમદાવાદ ખાતે સાબરમતી નદી પર ચાર થીમમાં – સફાઈ, દેશભક્તિ, પ્રકૃતિ-પર્યાવરણ અને ભક્તિ-આધ્યાત્મિક અંગેના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આજે અંતિમ દિવસે ગાંધી આશ્રમ ખાતે પ્રભાત ફેરીનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રમ રોજગાર મંત્રી શ્રી બ્રીજેશ મેરજા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રભાત ફેરી ગાંધી આશ્રમથી શરુ થઈ રીવર ફ્રન્ટ થઈ ઉસ્માનપુરા ગાર્ડન ખાતે સંપન્ન થઈ હતી. મંત્રીશ્રીએ ગાંધી આશ્રમ ખાતે પૂજ્ય ગાંધી બાપુની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી શ્રધ્ધા સૂમન અર્પણ કર્યા હતા.

પ્રાસંગિક ઉદબોધનમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આપણી નદીઓ લોકમાતાનું બિરૂદ પામેલી છે. પ્રાચીન સંસ્કૃતિમા લોકો નદી કિનારે વસવાટ કરતાં હતા.તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીએ નદીઓનું જોડાણ અને જીવંત કરવાની વાતને મહત્વ આપ્યું હતું. જેને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંકલ્પબદ્ધ કરવાની નેમ વ્યક્ત કરી અને પ્રવર્તમાન રાજ્ય સરકાર એ જ પથ પર આગળ વધી રહી છે. આ પ્રભાત ફેરીમાં મોટી સંખયામાં લોકો જોડાયા હતા.

આ પ્રસંગે અમદાવાદજિલ્લા વિકાસ અધિકારીશ્રી, જળ સંપત્તિ વિભાગના અધિકારીઓ- નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

- હિમાંશુ ઉપાધ્યાય

## મોડાસાના ભામાશા હોલ ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણના રાજ્યકક્ષાના મંત્રીશ્રીની અધ્યક્ષતામાં સુશાસન દિવસ ઉજવાયો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજ્ય સરકાર દ્વારા આયોજીત તા. ૨૫ થી ૩૧ ડીસેમ્બર સુધી સુશાસન સપ્તાહના ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજયમાં "ગુડ ગવર્નન્સ ડે"ની ઉજવણી કરાઈ રહી છે. જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના મોડાસાના ભામાશા હોલ ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી ડૉ.કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતામાં સુશાસન સપ્તાહ ઉજવણી અંતર્ગત જીલ્લાના યુવાઓને રોજગાર એપ્રેન્ટિસપ એનાયત પત્રો તથા ઈ-શ્રમ કાર્ડના નોંધણી પત્રોનું વિતરણ કરાયું.



આ પ્રસંગે યુવાઓને પ્રોત્સાહિત કરતા મંત્રીશ્રી ડૉ.કુબેરભાઈ ડીડોરે સંબોધન કરતા જણાવ્યું કે, ભારતમાતાનો નારો એ દેશને આઝાદી આપવાનો નારો છે. પક્ષીઓ,પ્રાણીઓ તેમજ મનુષ્યને ધરતી માતાના આશ્રયની જરૂર પડે છે. આપણે રાજ્ય સરકારે સુશાસનને વર્તમાન સમયમાં આગળ વધારી છે. આપણે આજે આવા પાવન અવસરે એકત્રિત થયા છીએ. આજના યુવાઓ એ સર્વોત્તમ એ ભારતનું ભાવિ ભવિષ્ય છે. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૨ જાન્યુઆરીથી આઝાદી કા અમૃત મહોત્સવ ૭૫ અઠવાડિયા સુધી ઉજવવાનું નક્કી કર્યું છે. કેન્દ્ર સરકારની વિકાસ નીતિથી દેશની પ્રગતિમાં વધારો થયો છે. આપણા રાજ્યને સમગ્ર દેશમાં "good governance" તરીકે પ્રથમ નંબર પ્રાપ્ત થયો છે.બંધારણમાં લોકો અધિકારો તેમને આપીને અર્થમાં સાર્થક કર્યા છે. એમણે વધુમાં કહ્યું કે, સરકારે બધાજ કામમાં પારદર્શકતા લાવી છે. જેમાં કોઈપણ સરકારી ભરતીમાં ઓનલાઇન પરીક્ષા, મેરીટ પ્રમાણે નોકરીઓ આપી છે. કોઈને અન્યાય થતો નથી. હવેના સમયમાં સરકાર રોજગારીના ઓર્ડર ઘરઆંગણે આપે છે. ગુજરાત રોજગાર આપવામાં પ્રથમ નંબરે આવે છે. જેમાં ૭૨ ટકા રોજગારી આપવાનું કામ કરે છે. કોરોના કાળમાં લોકડાઉન બાદ રોજગાર મેળવવા માટે બીજા રાજ્યઓમાંથી ગુજરાત આવતા હતા. કોરોના કાળમાં પરપ્રાંતિયને ઘરે મોકલવા માટેની બીડું ઉઠાવીને ૧૫૦૦ જેટલી ટ્રેનો દોડાવી છે. હવેના સમયમાં નવી સ્કીલ કૌશલ્યની શરૂઆત કરવા જઈ રહ્યું છે. સ્કીલ ના હોય તો ડિગ્રી પણ નકામી છે. વાઈબ્રન્ટ સમિતિ અંતર્ગત નેશનલ એજ્યુકેશન ઇમ્પ્લીમેન્ટના રૈં કર્યા છે. ટેક્નિકલના માધ્યમ થકી ૧૨૦ ડિગ્રીઓ મેળવી શકાશે. જેમાં દરેક પ્રકારનું કૌશલ્ય યુવાઓ મેળવે એવી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. વિજ્ઞાન ટેક્નોલોજી થકી રોબોટ કામ કરતા થયા છે. તેવી સિદ્ધિઓ આજના વૈજ્ઞાનિકો એ હાંસલ કરી છે. જેની પ્રેરણા લઈને આજના યુવાઓએ દિશામાં કામગીરી કરે તે જરૂરી છે.

આત્મનિર્ભર ભારતની વાત કરતા જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી એ આપ સૌ કોઈને આત્મનિર્ભર બનાવવા માંગે છે.તમારામાં રહેલી કળાઓને બહાર લાવવી. જેનાથી તમે જીવનમાં કંઈક કરી શકશો,તેમજ ધંધાકીય ક્ષેત્રમાં પ્રારંગત બનશે. આપણે કંઈક નવું શીખવાની જરૂર છે. યુવાઓએ નોકરી માટે ૧૦૦ ટકા પ્રયત્નો કરવાના છે. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી માં કોઈપણ ક્ષેત્રમાં ઈનોવેશન કરનારને ૨.૫૦ લાખની સહાય અપાશે. આપણે પહેલા પરાવલંબી હતા અન હવે સ્વાવલંબી બન્યા છીએ. રાજ્યના સર્વાંગી વિકાસ માટે સરકાર હંમેશા કટીબદ્ધ છે.

જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ યુવાઓને પ્રેરણા આપતા જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ૨૫ થી ૩૧ ડીસેમ્બર સુધી એક સપ્તાહના કાર્યક્રમમાં રાજ્ય સરકારની વિવિધલક્ષી યોજનાનોના લાભ પ્રજાલક્ષી કાર્યોને પ્રજા સમક્ષ રજુ કરવાના હેતુથી કરી છે. યુવા વર્ગોએ સ્કીલનું પ્રોડક્શન કરવાનું છે જેનાથી તમારામાં એક નવી ઉજાશ આવશે. સરકાર દ્વારા તમામ આઈ.ટી,આઈ.ને અધતન કરવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા રોજગારવાન્છુઓને રોજગારી આપવા માટે રોજગાર ભરતી મેળાઓ યોજવામાં આવે છે જેમાં યુવા વર્ગને રોજગારી હેઠળ આવરી લેવાય છે. આપણા જીલ્લાના ખુબ યુવાઓ સરકારી નોકરીઓ પ્રાપ્ત કરી છે. જે દરેક યુવાઓ માટે પ્રેરણાદાયી છે. આજનો યુવા એ કોઈ બીજા પાસેથી પ્રેરણા લઈને બધાને એ પ્રેરણા આપે તેવી અપીલ કરી હતી. દરેકે સરકારની લાભદાયી સુવિધાઓનો લાભ લેવો અનુરોધ કર્યા હતો.

આ ઉજવણી દરમિયાન જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણ તથા જિલ્લા અગ્રણી શ્રી રાજેન્દ્રભાઇ પટેલે યુવાઓને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

આ પ્રસંગે રોજગાર નિમણૂક પત્રો તથા એપ્રેન્ટીસશિપ કરારપત્રોનું વિતરણ એપ્રેન્ટીસશિપ સ્ટાઈપેન્ડ રીએમ્બરસમેન્ટ મોડ્યુલનો શુભારંભ તેમજ આઈ.ટી.આઈ. સંસ્થાકીય સ્ટાઈપેન્ડનું ડીજીટલ ગુજરાત પોર્ટલ પર લોન્ચિંગ આઈ.ટી.આઈ.ના નવનિર્મિત ભવનનું લોકાર્પણ તથા ઈ શ્રમ કાર્ડનું વિતરણ કરાયું.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી શ્વેતા તેવટીયા, મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી જલ્પાબેન ભાવસાર, તમામ તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ, આદિજાતિ અગ્રણીશ્રી પી.સી.બરંડા, મોડાસા પ્રાંત અધિકારી શ્રી મીતા ડોડીયા,જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ગાયત્રી બેન પટેલ, જિલ્લા રોજગાર અધિકારીશ્રી, જીલ્લાની તમામ આઈ.ટી.આઈ.ના આચાર્યશ્રીઓ, જિલ્લાના રોજગારના અધિકારી કર્મચારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.